'શૃંગાર-રસ-મંડન'

# દશ ઉલ્લાસ

## પ્રકરણ : ૩

### 卐 પ્રવેશક 卐

શ્રીવિઠ્ઠલેશ પ્રભુવિરચિત આ સંસ્કૃત કાવ્યમાં વિવિધ પ્રકારનાં આલંકારિક વર્ણનો છે કઠિન ગ્રંથને આ છાયાનુવાદમાં શક્ય તેટલો સરળ કર્યો છે. તેમ જ ગદ્યમાં શોભે તેવી વાક્યરચના લીધી છે. છતાં યે વાર્તા પ્રવાહને સમજવાનું વધુ સરળ થવા માટે, અહીં **દરેક ઉલ્લાસનું સંક્ષિપ્ત સાર-તત્વ** આપવામાં આવે છે. આશા રાખીએ કે પ્રવેશક તરીકે વાચકોને આ ઉપયોગી થશે.

(ઉલ્લાસ ૧) સખીજનોના વાર્તાલાપમાં કાવ્યને ગૂંથવામાં આવ્યું છે, તે સમજાય તેવું છે. પછી વસ્તુનો આરંભ થાય છે.

મનોહર વસંત ઋતુમાં એક વાર શ્રીરાધા વૃંદાવનમાં પધારે છે. ત્યાં શ્રીકૃષ્ણનાં દર્શન થતાં કોઈ અદ્ભુત ભાવ હૃદયમાં પ્રગટે છે. સામેથી શ્રીકૃષ્ણની દૃષ્ટિ તેમના પર પડે છે. એ પણ વિવશ થઈ જાય છે. પરસ્પર નયનોનું ત્રાટક લાગે છે. સમયનું ભાન રહેતું નથી. છેવટે રાધાજી ત્યાંથી નીકળીને કોઈ કુંજમાં પધારે છે અને પ્રિયતમના ચિંતનમાં મગ્ન થાય છે.

લલિતાજી સાથે છે. તેમને પોતે કહે છે કે "સખિ! તું મને એમનાં પુનઃ દર્શન કરાવ. એમના વિના હું કેમેય કરતાં રહી શકવાની નથી." ત્યારે સખી એમને ત્યાં લઈ જાય છે કે જ્યાં શ્રીકૃષ્ણ સેંકડો વ્રજયુવતીઓ સાથે ખેલી રહ્યા છે. વૃક્ષઓથે રહીને સખી રાધાને આ બતાવે છે. અહીં વસંતખેલની પ્રસિદ્ધ અષ્ટપદી આવે છે. "હરિરિહ વ્રજયુવતી શત સંગે."

(ઉલ્લાસ ૨) ઉપરની લીલા જોઈને રાધાજીને એક બાજુથી અસૂયાભાવ પ્રગટે છે. પ્રભુનાં દર્શન છોડી જવું ગમતું નથી. છતાં, એ ત્યાંથી લતાકુંજમાં પધારે છે. પછી સખીને કહે છે; "હું આ બધું ભૂલી શકતી નથી. એમની ગજરાજ સમી ચાલ, મોહક સ્મિત, રસીલી દૃષ્ટિ, અમૃત-વાણી અને અનુપમ સૌંદર્ય. વળી, પ્રભુનું લલિત ત્રિભંગ સ્વરૂપ હૃદયમાં રમી રહ્યું છે તે પણ વર્ણવે છે. ક્રીડાની વાત કહે છે. પોતાના વિયોગદુઃખ વિષે સમજાવે છે અને આવા પ્રાણેશ સાથે વિલસવા માટે મનોરથ પ્રગટ કરે છે.

(ઉલ્લાસ ૩) પણે, શ્રી કૃષ્ણ પણ રાધામાં આસક્ત થએલા છે. બધું છોડીને એમને શોધવા નીકળ્યા છે. પરંતુ, સીધા તેમની પાસે જતાં સંકોચાય છે. માનનો ડર લાગે છે. રાધાનું રીસભર્યું મુખ સ્મૃતિપટ પર તરી આવે છે. ~~મન~~ મનથી પ્રિયાને સંબોધે છે. વિરહથી શિથિલિત છે.

ત્યાં તો રાધાજીની સખી આવી પહોંચે છે. રાધાની વિરહાવસ્થાનું વર્ણન કરે છે અને વિરહ-દુઃખથી છોડાવવા, પ્રભુને વિજ્ઞપ્તિ કરે છે.

(ઉલ્લાસ ૪) હવે પ્રભુ પોતાના વિરહની વાત સખીને કહે છે અને પ્રિયાજીને બોલાવી લાવવાનું એ સખીને જ સોંપે છે. સખી જઈને, રાધાજીને વિવિધ પ્રકારે સમજાવે છે. અભિસારિકા બનીને પ્રભુ પાસે આવવા વિનવે છે.

ત્યારે રાધાજી વિચારમાં પડી જાય છે કે 'આ બધું શું? સખી સાચું કહેતી હશે? જો સાચું હોય તો પ્રભુ જ અહીં કેમ ન પધારે? પ્રિયતમ તો મને યાદ પણ નહિ કરતા હોય! એમની પાસે તો અનેક ગોપીઓ છે! અરે, માર્ગમાં આવતાં પણ કોઈ સખી મળી ગઈ હશે તો પોતાની નિકુંજમાં લઈ ગઈ હશે. સખી મને આશ્વાસન આપવા ખોટું ખોટું કહેતી લાગે છે.

(ઉલ્લાસ ૫) એમ કરતાં રજની વીતી ગઈ. પ્રભાતમાં પ્રભુ પધાર્યા. પ્રિયાજીને, પોતાના મનની આ શંકાઓ, પ્રાણેશના સ્વરૂપમાં હવે પ્રગટ દેખાવા લાગી. અંગ-અંગનાં રતિ-ચિહ્નો જોતાં જાય છે ને વ્યંગ વચનો કહેતાં જાય છે. (ખંડિતા-ભાવ.)

છેવટે સંભળાવી દે છે "હે વ્રજેશ, તમે જેની પાસેથી આવ્યા હો, ત્યાં જ પાછા સિધાવો, તમારા વિના એ સૂની થઈ જશે. અરે! એને અહીં સાથે જ લાવવી હતી ને!

"અધઘડીનું પણ અંતર પડશે, વળગાડી લાવ્યા કાં ન ખેલડી" —(દયારામભાઈ)

(ઉલ્લાસ ૬) પ્રભુ પાછા પધારે છે. રાધાજીને હવે ખેદ થાય છે. સખી એમને સમજાવે છે : "બહેન, તને કેટલીવાર કહ્યું કે તું એ મનમોહનને તરછોડીશ નહિ. તું એમના વિના રહી તો શકતી નથી. ભલે! એ બહુનાયક છે; એટલે તારી સાથે છલ તો કરે છે. છતાં તારામાં સ્નેહ પણ એટલો જ રાખે છે."

રાધે! હું ફરી એમને બોલાવી લાવું, જો તું હવે અનાદર ન કરે તો!" પ્રભુ ફરી પધારે છે; નમ્ર બનીને રાધાજીને વિનવે છે. સારી રીતે સમજાવે છે. શંકા દૂર કરવા પ્રયાસ કરે છે. છેવટે રાધાજીનું માન છૂટે છે.

(ઉલ્લાસ ૭) માન મનાવીને, પ્રભુ પોતાની નિકુંજમાં પધારે છે. સખી રાધાને સ્નેહવૃદ્ધિ કરનારાં વચનો કહે છે. પછી મનોહર વસ્ત્રાભૂષણ ધરે છે. મીઠી મીઠી વાતોથી રહ્યો સહ્યો સંકોચ દૂર કરવા પ્રયાસ કરે છે અને પોતાની સાથે લઈને કુંજ તરફ જાય છે.

(ઉલ્લાસ ૮) કુંજના દ્વાર આગળ રાધાજી લજ્જિત થઈને ઊભાં છે. સખી, એમને અંદર પધારવા અને વિલસવા પ્રેરી રહી છે. સખી કહે છે : "તું જો, કેવી મનોહર કુંજ છે! સુખદ શૈયા છે! પ્રાણેશ તને જોતાં કેવા આનંદિત થયા છે! તું સત્વર કુંજમાં પ્રવેશ કર."

હવે રાધા પણ અધીરાં બને છે. કુંજમાં પધારે છે. પ્રિયતમને નિરખતાં પ્રેમવિવશ બની જાય છે. પછી સખી કંઈક મિષ કરીને, હસતી હસતી ત્યાંથી બહાર નીકળી જાય છે.

(ઉલ્લાસ ૯) હવે શ્રીકૃષ્ણ રાધાજીને શય્યામાં પ્રવેશવા અને વિલસવા વિવિધ પ્રકારે વિનવે છે. શય્યામાં પધરાવે છે. રીત વિપરીત રમણ દ્વારા પરસ્પર પરમ સુખાનુભવ કરે છે.

અને પછી, પોતાને અધીન બનેલા પ્રિયતમને પ્રિયાજી કહે છે : "પ્રાણેશ! રમણ સમયે વિખરાઈ ગએલા શૃંગારો આપ જ મને ફરી ધરાવો." પ્રભુ એમની ઇચ્છાનુસાર શૃંગાર ધરાવે છે.

(ઉલ્લાસ ૧૦) હવે રાધા પ્રાણેશને પોતાનો વેષ ધરાવે છે—અતિ સુંદર સખી ભેખ જોઈને પરસ્પર પ્રસન્ન થાય છે. વળી વિલસે છે. વૃંદાવનની કુંજોમાં આ જ વેષથી પ્રિયા-પ્રિયતમ વિચરે છે અને વિહરે છે. બે સખીઓનો વાર્તાલાપ અહીં પૂરો થાય છે અને આપશ્રી કાવ્યનો ઉપસંહાર કરે છે.

હવે કાવ્યના છાયાનુવાદનો આરંભ કરીએ :

## 卐 પહેલો ઉલ્લાસ 卐

### ( છંદ-શાર્દૂલવિક્રીડિત )

આજે કોઈ નિકુંજમાં સખીજનો, સ્નેહાળ ભેગાં થયાં
રાધા-રાસ રસેશની રસભરી વાતો વિષે લાગિયાં,
પૂછે એક સખી : "અલિ ! કહે મને,
શ્યામા અને શ્યામનો-
પહેલો નૂતન સંગ કેમ કરીને ક્યારે,
અને ક્યાં થયો ?"-

* * *

"ઓહો ! બ્હેન તું એ બધું ય સમજે,
જાણે છ એ વાતને;
પૂછે કેમ મને ? ન વાત સમજું:
કહે તો ખરી તું મને !"
કહે છે : "સુંદર શ્યામ-સ્વામિની તણી
તો દાસીઓ આપણે !
લીલાનું રસ-પાન ગાન કરવું,
તે તો સદા યે ગમે !!"

નિકુંજમાં બે સ્નેહાળ સખીઓ ભેગી થઈ છે અને વાતો કરે છે. એક સખી કહે છે : હે સુમુખિ ! લક્ષ્મીજીથી પણ અધિક એવાં મારાં સ્વામિની શ્રી રાધા સાથે પ્રિયતમ શ્રીકૃષ્ણનું પ્રથમ મિલન કેવી રીતે થયું હતું ? એ વાત તું મને કહે ને !

બીજી સખી પ્રત્યુત્તર આપે છે : સખી ! કૃશોદરિ ! આ વાત તો તું જાણે જ છે ને ! હું તને શું કહેવાની છું ?

પેલી સખી એને સમજાવે છે : અરે બહેન, આપણે એ શ્યામસુંદરનાં સ્વામિનીજીની દાસીઓ છીએ. એમની લીલાઓની વાતો કરવી તે તો આપણું જીવન-સર્વસ્વ છે !

(ભલેને હું જાણતી હોઉં ! એનું પુનઃ પુનઃ શ્રવણ કરવામાં અધિકાધિક આનંદ આવશે જ. માટે તું જરૂર એ લીલાનું વર્ણન મને સંભળાવ !)

**વિશેષ**-ભક્તોના સત્સંગમાં લીલાઓનું શ્રવણ-કથન કર્યા કરવું અને પછી એકાંતમાં એનું મનન-ચિંતન અવગાહન કરવું, તે ઉત્કૃષ્ટ પુષ્ટિ-માર્ગીય ફલ છે. જાણતા હોય તો પણ પુનઃ પુનઃ કરવાથી રસ-ભાવની વૃદ્ધિ થાય છે. [૧]

તે બન્ને સખીઓ જુદા જુદા યૂથની હતી. બન્નેએ પોતપોતાનાં યૂથાધિપતિ સ્વામિનીજીનું મનમાં મંગલ સ્મરણ કર્યું. એમના પ્રતિ અત્યંત પ્રેમ હોવાથી સ્મરણ થતાં જ, સ્વાભાવિક રીતે, એમનાં અંગ પર રોમાંચ થઈ આવ્યાં; વિશાળ લોચનોમાં આંસુ આવી ગયાં. તેઓ શ્રીઠાકુરજીના લીલા-રસ-સાગરનો રસ એક બીજા પર સીંચવા લાગ્યાં; ત્યારે એમનું મન અત્યંત સુખાનુભવ કરવા લાગ્યું. આ સમયે બંનેનું સ્વરૂપ-સૌંદર્ય એવું ખીલી ઊઠ્યું કે સૌંદર્ય-દેવી લક્ષ્મી પણ એમાં લોભાઈ જાય !

**વિશેષ** - મન જ્યારે રસમય બને છે ત્યારે મુખ પર પણ રસિકતા છવાય છે. અને સૌંદર્યમાં વૃદ્ધિ થાય છે. (પ્રફુલ્લિત વદન, કાન્તિ કરુણામય, નયનનમેં અલકત ગિરિધારી.) [૨]

(હવે એમનો વાર્તાલાપ શરૂ થાય છે.) હે સખી ! જ્યારે વ્રજવાસીઓના ચિર-સંચિત ભાગ્યથી, પ્રભુ શ્રીયશોદાજીને ત્યાં પ્રગટ થયા ત્યારે શ્રીરાધાજીનો સહજ અનુરાગ શ્રીકૃષ્ણમાં લાગી ગયો. એવી જ શ્રીકૃષ્ણને રાધાજીમાં પરમ પ્રીતિ પ્રગટી.

[યશોદાજીને ત્યાં શ્રીકૃષ્ણ કેવી રીતે પ્રગટ્યા ? જેમ પૂર્વ દિશામાંથી ચંદ્ર ઉદય પામે છે તેમ. આ દૃષ્ટાંત આપવાનો હેતુ એ છે કે પ્રભુ-પ્રાગટ્યનો પ્રકાર અલૌકિક છે. જેમ પૂર્વ દિશામાંથી ચંદ્ર પ્રગટે છે તે કંઈ તેના ઉદરમાંથી નહિ. તે તો સ્થળસૂચનમાત્ર છે.] [૨]

હવે એક સમયે એવું બન્યું કે શ્રીરાધા પોતાની અનેક સહચરીઓ સાથે વૃંદાવન પધાર્યાં ત્યારે યમુનાતટ પર કમલ-સુગંધિત શીતલ મંદ સમીર વાઈ રહ્યો હતો. (રળિયામણું વાતાવરણ હતું.) ત્યાં તેમણે શ્રી વ્રજપતિને, સેંકડો ગોપી-જનથી વિંટળાએલા નિહાળ્યા. [૪]

હે સહચરિ ! રાધાનું મન અને નયન શ્રી કૃષ્ણના વદન-સૌંદર્યના અગાધ સાગરમાં ડૂબી ગયાં. તે ત્યાંથી નીકળ્યાં જ નહીં. સામેથી શ્યામ-સુંદરની દૃષ્ટિ એ મૃગલોચનીના વદન-ચંદ્ર પર પડી; જેને જોવાની પોતે ઈચ્છા કરી રહ્યા હતા. દૃષ્ટિ એવી પડી કે તે પણ ત્યાં સ્થિર જ થઈ ગઈ. પ્રભુ અતિ રુચિર અનિમેષ નયને રાધાને જોઈ જ રહ્યા. [૫]

ઓ પ્રેમાળ બહેન ! આમ દૃષ્ટિ મળતાં જ એવો પ્રેમ પ્રગટ્યો કે રાધા સ્તબ્ધ બની ગયાં; અંગો પાણી-પાણી થઈ ગયાં; રોમેરોમ ખડાં થઈ ગયાં; એ પ્રગટ દેખાવા લાગ્યું કે અત્યારે રાધા કેવાં પરવશ બની રહ્યાં છે ! [૬]

એવું જ શ્રીકૃષ્ણનું હૃદય રાધા પ્રતિ નૂતન પ્રેમથી પરિપૂર્ણ હતું, એમાં જરા યે બીજો અવકાશ રહ્યો ન હતો. છતાં યે, એ સુનયની પ્રિયાનાં નેત્રકટાક્ષો એ હૃદયમાં ઘૂસી ગયાં; જાણે કઠિન કામ-બાણ ન વાગ્યાં હોય. (અર્થાત પ્રિયાજીનાં કામનાયુક્ત કામણગારાં કટાક્ષોએ પ્રિયતમના હૃદયને વીંધી દીધું.)

વળી, એ જ કામ-બાણ-પીડા પાછી કૃશાંગી રાધાને પણ થવા લાગી. કેમ ન થાય ? બંને વચ્ચે ઐક્ય સધાઈ ગયું છે ! જે અનુભવ એમને થાય તે જ આમને પણ થાય ! આ પ્રેમપીડા ખરેખર અવર્ણનીય હતી. [૬]

પ્રિય સખી ! આમ લાંબા સમય સુધી રાધા ઊભાં રહ્યાં અને થાકી ગયાં. ધીરજ રાખવાને પણ તે અશક્ત હતાં. ભાવવિવશ બનીને, લલિતા સાથે એ કોઈ કુંજમાં ચાલ્યાં ગયાં. મનમાં અનેક કલ્પનાઓ ઉદ્ભવી રહી હતી.

ભ્રમરોના ગુંજારવથી ગાજતી એકાન્ત નિકુંજ હતી. ત્યાં, પ્રિયતમના ધ્યાનમાં એ લીન બની ગયાં, પ્રિયવિયોગને લીધે એ દીન બની ગયાં. અને પ્રિય સખી લલિતાને આમ કહેવા લાગ્યા. [૮]

### પ્રબંધ

સખી ! હું તને શું કહું ? હરિવર કોમલ મલય પવનને સેવતાં, યુવતીજન સાથે જેવા ખેલી રહ્યા હતા, તેવા જ અત્યારે મારા મનમાં પણ ખેલી રહ્યા છે

એમના મનોહર હાસ્યયુક્ત મુખ-કમલ પર મારી અધીરી નજર એવી ચોંટી રહી કે એમનાં કોટિ કંદર્પલાવણ્ય અન્ય અંગોને તો હું જોઈ પણ શકી નહિ.

મને તો લાગે છે કે અહીં મારા હૃદયમાં, સાક્ષાત્ કામદેવ રૂપ જ એ પ્રગટ થઈ રહ્યા છે અને નિજ નયન-કમલો રૂપી પુષ્પ-બાણો વડે મને પીડા કરી રહ્યા છે.

અધીરી રાધાનાં આ વચનો સખીના મનમાં સારી રીતે ઊતરી ગયાં. (પ્રબંધ પૂરો)

વળી, લલિતાજીને કહે છે : "અલિ સખી ! ગોકુલપતિનું એ મુગ્ધ સ્મિતવાળું અનુપમ વદન-કમલ, મેં માત્ર એક જ વાર, અને તે પણ દૂરથી નિહાળ્યું છે ! (એટલાથી શું સંતોષ થાય ?) બહેન ! તું ગમે તેમ કરીને, એમનાં દર્શન ફરી મને કરાવ ને !

સખી, તારા આ ઉપકારના બદલામાં જગત-ભરની ઉત્તમોત્તમ વસ્તુ ભલે માંગી લે ! અરે, હું મારા પ્રાણ તને આપી દઉં ! પણ ના, ના, એ તો ક્યાંથી આપું ?? તે તો પ્રિયતમે દૃષ્ટિ દ્વારા જ હરી લીધા છે !" [૯]

આ રીતે અધુંપધું, ભાંગીતૂટી બોલીમાં પ્રિયાજીએ જે કહ્યું તે ચતુર સખી બધું સમજી

ગઈ. પછી, શ્યામ સુંદર જ્યાં સેંકડો વ્રજયુવતીઓ સાથે વિહાર કરી રહ્યા હતા ત્યાં તેમને લઈ ગઈ. છેક પાસેથી છતાં વૃક્ષ ઓથે છુપાઈને, જાલરંધ્ર-માંથી એ લીલા બતાવતી સખી હવે પ્રિયાજીને કહી રહી છે. [૧૦]

[હવે અહીં **અષ્ટપદી** આવે છે. **हरि रिह व्रजयुवती श । संगे** । જે વસંત ખેલમાં પ્રભુ સન્મુખ નિત્ય ગવાય છે. તેનો **ગુજરાતી પદ્ય અનુવાદ** નીચે આપ્યો છે. (**વ્રજભાષાનો પદ્ય અનુવાદ**-કાવ્ય રસાલિકા ભાગ ૧-૨ પૃષ્ઠ ૧૪૧ ઉપર) ]

**ભૂમિકા** :-ભગવાન, રાસોત્સવની જેમ, પ્રત્યેક વ્રજાંગના સાથે એકેક સ્વરૂપ ધરીને વિલસે છે, અને દરેકને સર્વ પ્રકારનું સુખ આપે છે. પરંતુ દર્શન કરતાં સખી જેની સાથે પ્રભુની જે લીલા નિરખે છે તેનું વર્ણન કરે છે અને રાધાજીને તે બતાવે છે :

**અષ્ટપદી – ( રાગ : વસંત)**

હરિ અહીં વ્રજયુવતી શત સંગે,
વિલસે કરિણી-ગણમાં નવ ગજ-વર,
રતિ પતિ માન ભ્રભંગે- ધ્રુવપદ....૧
શ્રમિત વિલાસે, ચંચલ નયને, સૂચવતા બહુ ભાવ,
કોઈક નેત્ર કટાક્ષ કમલથી, પૂજે પિયુ કલરાવ ...૨
સ્મિત રુચિએ હરિનું સુંદર મુખ-કમલ જોઈ સુખકંદ
ચુંબે કોઈ નિતંબવતી, કર પર ધરી ચિબુક અમંદ.૩
ઉત્કટ ભાવ પ્રકાશિત ચાપલ, મોહન નિધુવન શાલી,
રમતા કો સહ પીન ઘન સ્તન, પર
લળતા વનમાળી. ૪
નિજ પરિરંભણ કરવે સત્વર, નિરખી હરિ સવિલાસ,
કો કોઈને બળથી આગળ, કરે કૌતુકે સહાસ.. ૫
કોઈક નીવિ બંધ વિમોચન, સંભ્રમ લજ્જિત નયના
ગાના હમણાં સુમુખિ ! હઠ ધરી,
કરથી ધરી નિજ વસના....૬
પ્રિય આલિંગન વિપુલ પુલક ધર,
દ્વિગુણિત સુભગ શરીરા,
ગાય કોઇ સખી હરિવર સંગે, રતિ
રસમય રણધીરા. ૭
રમતાં સંભ્રમથી સરતાં પટ, ચંદન લિપ્ત ઉદાર,
નિરખે સ્મિતમય વિસ્મિત મનથી પિયુ
એ વપુ સવિકાર. ૮
કોઇ સંગે કર ગ્રહીને ચાલે, અલસ ભર્યા સવિલાસ,
રાધે ! તવ પૂરો જ મનોરથ, પ્રગટિત
આ હરિ-રાસ. ૯

**ભાવાર્થ** :-હે રાધે ! જો, અહીં હરિવર, કામદેવનુંય માનમર્દન કરે એવી રૂપવતી, સેંકડો વ્રજયુવતીઓ સાથે કેવી ક્રીડા કરી રહ્યા છે ! જાણે કોઈ મદોન્મત્ત હસ્તી, એની હાથણીઓથી વિંટળાઈને મસ્ત વિહાર કરી રહ્યો હોય ને શું, એવું લાગે છે. [૧]

પ્રભુ ત્વરાથી યુવતી-યૂથમાં ઘૂમે છે. ચંચલ નયનો વડે મનના ભાવોને સૂચવી રહ્યા છે. (મધુર વચનો ઉચ્ચારે છે) આવા પ્રાણનાથને કોઈક ગોપી નેત્રકટાક્ષ કરતી નિરખી રહી છે: જાણે પોતાનાં નયન કમલ વડે પ્રભુનું પૂજન ન કરતી હોય !

(**विभ्रमस भ्रम** નો અર્થ આ રીતે પણ થાય:- ફરતાં ફરતાં ઘડીકમાં શ્રી ઠાકુરજી જાણે કે શરમાઇ નીચું જોઈ જાય છે; ઘડીકમાં વ્રજયુવતીઓની સામે જુએ છે, અને તેમને રસદાન કરવાના મનમાં સંચિત કરેલા અનેક ભાવોને નેત્ર તથા વાણી દ્વારા સૂચિત કરે છે.) [૨]

રતિરસને પ્રગટ કરનાર હરિવરનું સુંદર વદન-કમલ મંદહાસ્યને લીધે વિશેષ મનોહર ભાસે છે; તે જોઈને કોઈક નિતંબવતી ગોપી, શ્રીમુખને ધારી ધારીને નિરખે છે. એટલું જ નહિ, પણ મન આધીન ન રહેતાં, એમનું ચિબુક ગ્રહીને કંઇક બલપૂર્વક, ઉચ્ચ સ્વર કરતી, એ વદનારવિંદને તૃપ્તિ થતાં સુધી ચૂમે છે. [૩]

રસદાન કરવામાં ઉદાર ભાવયુક્ત એ ચપલ મનમોહન, કોઈકને નમાવીને, નિજ અંગને આંદોલિત કરતા, આનંદોત્સાહપૂર્વક તેને રસદાન કરે છે. ત્યારે પ્રભુની નૂતન વનમાલા, એનાં કઠિન ઉરોજ યુગલ પર ઝૂલી રહી છે. [૪]

કોઈ જુએ છે પ્રિયતમ વિલાસવશ, પોતાને સત્વર આલિંગવા તત્પર છે; ત્યારે તે કૌતુકવતી, હસતાં હસતાં, અન્ય કોઇકને પોતાની આગળ કરી દે છે. (દેખાય છે તો હાંસી જેવું, પરંતુ એક ઉત્કૃષ્ટ ભાવ અત્રે સમાએલો છે. દર્શન, સેવા આદિથી પ્રભુનું સુખ લેવામાં બીજાને રોકીને પોતે આગળ થવું એ કામભાવ છે. (જે ઉતરતી કક્ષાનો છે.) એને બદલે પોતે પાછળ રહી બીજાને આગળ કરવું, લાભ લેવા દેવો, એ સર્વાત્મભાવ છે. (જે ઉચ્ચ કક્ષાનો છે.) સ્વમાર્ગમાં સર્વાત્મભાવની વિશેષતા છે.) [૫]

હે સુમુખિ ! રાધે ! જો, પ્રિયતમ વડે નીવી બંધન વિમોચન કરાતાં, સંભ્રમથી જેનાં નયનો લજ્જિત છે અને જે નિજ વસનને કરતલમાં ધરી રહી છે, એવી કોઇકને પ્રભુ બલપૂર્વક રમણ રસદાન કરી રહ્યા છે. (અત્રે એ સિદ્ધાંત સૂચિત છે કે જ્યારે નિજ ભક્ત લોકલજ્જાને વશ થઈ ભગવત્સંબંધી બાબતોમાં સંકોચ અનુભવે છે ત્યારે ભગવાન બલપૂર્વક સંકોચ દૂર કરાવીને, એને અલૌકિકમાં પ્રવૃત્ત કરે છે અને રસદાન કરે છે.) [૬]

પ્રાણેશને આલિંગતાં જેને ઘણાં રોમાંચ થયાં છે, જેનું સુભગ શરીર હર્ષથી સુપુષ્ટ બની રહ્યું છે, તેવી કોઈક વ્રજાંગના રતિરણમાં ધીર બનીને ઝઝૂમીને, પ્રિયતમ સાથે સ્વર મિલાવીને ઉચ્ચ સ્વરે મધુર ગાન કરી રહી છે.

(ભગવાનના અંગ-સંગથી ભક્તનાં રોમરોમ રસાવિષ્ટ બની જાય છે. પુષ્ટિરસપાનથી અલૌકિક અંગ અંગ સુપુષ્ટ બને છે. હૃદયના રસ લીલાગાન રૂપે બહાર પ્રગટે છે. વળી, ભક્તના રસાવેશથી ભગવાન પણ રસાવિષ્ટ બને છે. ઉભય મળીને રસપોષક ગાન આદિમાં પ્રવૃત્ત થાય છે.

વિષયરસ કરતાં ભગવદ્રસની એ વિશેષતા છે કે તે સર્વ અવયવોથી ઇંદ્રિયોથી એક સહ ભોગવાય છે. કેમકે તે આત્મભોગ્ય છે. પ્રભુ રોમે-રોમે વ્યાપ્ત થાય. એનું નામ પરિરંભ ! આવા પરિરંભનો અનુભવ વિરહાવસ્થામાં થાય છે. જે વિરહને સહી શકે તે આ સુખને પામી શકે છે.) [૭]

ઉતાવળમાં કોઈક સુનયનીનો પાલવ સરકી જાય છે. ત્યારે તેના ચંદનલિપ્ત સુખદ વિશાલ ઉરસ્થલને, શ્યામ સુંદર પ્રભુ વિસ્મય અને વિકાર સહ આસક્ત થઈને સ્મિતપૂર્વક અવલોકી રહ્યા છે. [૮]

આલસયુક્ત અંગવાળા વિલાસવશ પ્રાણેશ કોઈક વ્રજભક્તની સાથે, તેનો હસ્ત પકડીને ચાલી રહ્યા છે-નિકુંજ પ્રતિ પધારી રહ્યા છે.

હે રાધે ! હરિવરની આ પ્રકટિત રાસ ક્રીડાનાં દર્શન કરીને, તારા મનના મનોરથો પૂર્ણ થાઓ.

(રાધે, તારા મનમાં પણ આમ વિવિધ પ્રકારે વિલસવાના મનોરથો પ્રગટે જ. મનોરથપૂરક પ્રભુ તેને પૂર્ણ કરો.)

(**नकरग्रहम** એટલે કે "હસ્ત પકડીને." હાથ પકડવો એટલે પાણી-ગ્રહણ. વળી, કોઈનો 'હાથ પકડવો એટલે એને સંપૂર્ણ આશ્રય આપી કાર્ય સિદ્ધ કરવું તે. પાણિ-ગ્રહણ દ્વારા જીવન-ભરનો સંબંધ બંધાય છે તેમ ભગવાન અને ભક્તનો પણ નિત્ય-સંબંધ-જન્મજન્માંતરનો સંબંધ બંધાય છે. પ્રભુ નિજજનોનું પાણી-ગ્રહણ કરીને સ્વયં એને નિજલીલાનું સુખ આપવા લઈ જાય છે.)

(વસંતની અષ્ટપદી સમાપ્ત.) — [૯]

કમલ સમાન કોમલ અંગોના સ્પર્શ થતાં, જેમના હૃદયમાં મદન-ભાવ પ્રકટ્યો છે એવાં વ્રજજનો સાથે, ઉદાર વર શ્રીકૃષ્ણ યમુના તટની

મનોહર નિકુંજમાં આ પ્રકારે વિલસી રહ્યા છે; ત્યા શીતલ અને સુખદ પવન વાઈ રહ્યો છે અને પ્રભુને સુખ આપી રહ્યો છે. [૧૦]

(સર્ગાન્તે વારણીનો શ્લોક) લલિતાજી કહે છે : હે રાધિકે ! તું જો. પ્રાણેશે કુંજમાં પુષ્પોનાં અને નવ પલ્લવોનાં કેવાં આભૂષણો ધરેલાં છે ! ભ્રમરો તેની સૌરભથી મસ્ત બનીને કેવા મંડરાઈ રહ્યા છે !

મનોહર મુરલીનાદ વડે ગોપીજનોને મુગ્ધ કરી દેનારા–રાસ ખેલનારા શ્રી હરિવર તારા મનના મનોરથોને પૂર્ણ કરો. મારી આ તને શુભેચ્છા છે ! [૧૧]

## પહેલો ઉલ્લાસ સમાપ્ત

✻

## 卐 બીજો ઉલ્લાસ 卐

રાસની રમઝટમાં ઝકઝોરી થતાં, શ્રી કૃષ્ણ અને ગોપીજનોના, નિર્મળ મુક્તાહાર તૂટી રહ્યા હતા. આવી મસ્ત લીલાઓને શ્રી રાધાએ ખરૂ સમય પર્યંત નિહાળી. એમના મનમાં એક બાજુ અસૂયા–ભાવ પ્રગટ્યો–કે 'અરે, મુજથી ય અધિક પ્રીતિ પ્રિયતમની અન્ય ગોપીઓમાં થઈ!' એને લીધે હવે ત્યાં ઊભા રહેવાનું એમને ગમતું નથી.

અને બીજી બાજુથી પ્રાણનાથના રસબસ સ્વરૂપને નિરખતાં, એમાં મન એવું આસક્ત થઈ ગયું છે કે ત્યાંથી જવાનું મન થતું નથી. [૧]

પરંતુ, છેવટે, (મન મનાવીને) ત્યાંથી નીકળ્યાં, (જતાં જતાં પ્રભુની દૃષ્ટિ પણ એમના પર પડી ગઈ). હવે રાધા કોઈ કુંજલતામાં પધાર્યાં. ત્યાં ભ્રમરો, પુષ્પોના મકરંદ રસ પીને ગુંજારવ કરતા એ કુંજને ગજવી રહ્યા હતા; મંદ પવન વાઈ રહ્યો હતો. એકાન્ત કુંજમાં રાધા નયનો મીંચીને બિરાજ્યાં છે. હવે તે પોતાની સખીને આમ કહી રહ્યાં છે. : [૨]

(પ્રબંધ) અલિ સખિ ! મારું આ આતુર મનડું ક્ષણ પણ હરિને વિસરી શકતું નથી. પ્રિયતમના વિવિધ વિલાસો વડે અને અણિયાળાં નયનોનાં કટાક્ષ–બાણો વડે મારું ચિત્ત વિંધાઈ ગયું છે !

બહેન ! એ હરિવર કેવા છે ? મનોહર મુરલી–નાદથી મોહિત યુવતી–સમૂહ સાથે વિલસીને એમને વશ કરી લે છે; અને પછી પોતે એમને વશ થઈ જાય છે ! મારાં નયનોને પણ એમણે આકર્ષિત કર્યાં છે ને સુખ ઉપજાવ્યું છે. પોતાની લીલાથી મનુષ્યોને તો શું પણ પશુપક્ષીઓને પણ ચિત્રવત્ સ્તબ્ધ બનાવી દે છે. (પ્રબંધ પૂરો)

હે સુમુખિ ! તું સાંભળ મદોન્મત્ત ગજરાજ જેવી એમની મલપતી ચાલ, મનોહર સ્મિત, મનમોહક રસાર્દ્ર દૃષ્ટિ, મુખચંદ્રની શોભા; વળી અમૃતથીયે અદકી––મીઠડી એમની વાણીની માધુરી અને ચાતુરી ! અરે બહેન ! ત્રણે લોકમાં આવું બધું અન્યત્ર ક્યાંય ન જ હોય ! [૩]

શ્રીજીએ કૌતુક કરવા ખાતર, પ્રિયાના લલાટનો ચાંદલો પોતાના લલાટમાં ચોંટાડી દીધેલો, અને પોતાનું તિલક પ્રિયાને લગાડી દીધેલું અહા આ પલટો કેવો શોભતો હતો ? એને વર્ણવવાથી શું અધિક છે ! [૪]

(સ્મૃતિ ચાલુ) ભગવાન ઉચ્ચ સ્વરથી ગાન કરી રહ્યા હતા. છતાં ગોપી ગાઢ આલિંગન આપતી હતી. એ સુખથી હરિ રોમાંચિત હતા. ગાવાને લીધે એમની ગ્રીવા સ્થિર હતી. છતાં આલિંગનને લીધે નકવેસર ડોલી રહ્યું હતું. આ સૌંદર્યથી તો મારું ચિત્ત ચોરાઈ ગયું છે ! [૫]

હે સખિ ! એ પ્રિયતમ એક ચરણ પર બીજા ચરણની આંટી ભરાવીને અને ગ્રીવાને ટેઢી કરીને, ભમ્મર ફરકાવતાં, ટેઢાં નેત્ર–કટાક્ષો છોડે છે. વેણુરંધ્રોપર અંગુલિઓ ફેરવે છે; લાલચોળ અધરોષ્ઠને સંકોરીને મુરલિકામાં નિજ અધરસુધાને પૂરીને, પરમ આનંદથી, મનોહર બંસી બજાવે છે ત્યારે, મને સમજ પડતી નથી કે ત્રિભુવનમાં એ શુ અવનવું કરી દેવા ઇચ્છે છે ! ! [૬]

કોટિ કંદર્પના દર્પને હરનાર શ્રીકૃષ્ણની સર્વાંગશોભાની વાત તો દૂર રહી ! પરમ શોભાધામ આ ત્રિભંગની જ શી વાત કરું ! મને તો લાગે છે કે વિધાતાએ જાણે મારી દૃષ્ટિ, મારો આ દેહ, વિવેકી મનોગતિ એ બધાને ભાગવા માટે જ જાણે આ રૂપ પ્રગટ કર્યું ન હોય ! [૭]

(સ્મૃતિ) પ્રિયતમ હસી હસીને વાતો કરી રહ્યા છે. મુખ–મકરંદની સૌરભથી મસ્ત ભ્રમરો આસપાસ મંડરાઈ રહ્યા છે. આવા પ્રભુ શું વેણુને અધરામૃત વડે પૂરી રહ્યા છે ? ના, ના, એ તો મારા હૃદયમાં જ એમની અધરસુધાને સિંચી રહ્યા છે. [૮]

અલિ સખી ! હું શું કરું ? મારા મનોરથો અનિવાર્ય બની ગયા છે. હું એને દૂર કરી શકું એમ છે જ નહિ. કેમકે પ્રભુએ જ મને આવી કરી દીધી છે.

પ્રથમ તો એમણે મારું ચિત્ત ચોરીને લઈ લીધું. પછી મુરલીને મિષે મારા મનમાં એમનો અધરરસ પૂરી દીધો. (જાણે મારા મનની જ મુરલી બનાવી.)

એમણે એમ વિચાર્યું હશે કે 'આ સુંદરીનું ચિત્ત મારી લીલાને અનુરૂપ બને તો સારું !'– આમ એમણે જ મને મોહવશ કરી લીધી છે ! [૯]

હવે શ્રી રાધા, પોતાના મનમાં પ્રાણેશ સાથે વિલસવાના જે મનોરથો થાય છે તે આ અંતરંગ સખીને કહે છે. એમનુ મિલન કરાવી આપવા સખીને વિનવે છે. :

### પ્રબંધ (રાગ–કેદાર)

મુજ સહ કોટિ મદન સુંદરતર,
રમાવ કેમે કરીને તું,
રમણરસ સુચિર જમાવ સજની,
લાવ રસિકવર હરિને તું. ૧

કુંજે લપઈ રચિત કુસુમ શયન પર,
જઈ એકાંત વિષે શું,
રતિ રસ વેગે હસતા એ ફઈ
શરમાતી શુભ અંતર હું. ૨

વદવે મધુર ચતુર વર નટવર,
મૃદુ મૃદુ હસી વદતી મુજને,
કરતા મારું શિથિલ વસન પિયુ,
કુસુમ શયન પર નિવેશીને. ૩

શય્યા ઉરસિ શયન કરતા હરિ,
ઘન આલિંગન અતિ સુખદા,
અધર મધુર રસ પાન કરન્તા,
રતિ રણધીર બાનું હું તદા. ૪

— મુજ સહ કોટિ મદન સુંદર તર —

(પ્રબંધ પૂરો)

(પ્રબંધ કડી ૧) સખી ! એ કોટિકંદર્પના દર્પને હરનાર રસિકવર હરિને, તું કોઈ પણ ઉપાયે અહીં બોલાવી લાવ; જેથી ચિરકાલપર્યન્ત એમનો રમણ રસાનુભવ આ તારી સખીને પ્રાપ્ત થાય !

(૨) અલિ બહેન ! પ્રાણપ્યારા કોઇક કુંજમાં છુપાઇને કુસુમશય્યા રચતા હશે અને હું છાની માની રતિરસના વેગથી હસતી, મુજ મનોભાવોને લીધે લજાતી, એ કુંજમાં પ્રવેશીશ.

(૩) પ્રભુ મને જોઇને મીઠા મધુરાં ચતુરાઈ ભરેલાં વચનો મંદ સ્વરે ઉચ્ચારશે. હું યે મંદ હસતી એમની સાથે વાતો કરીશ. પ્રાણેશ કુસુમશયનમાં નિવેશાવીને ચૈલાકર્ષણ કરવા લાગશે.

(૪) કુસુમ––સુકુમાર વક્ષ–શૈયામાં પોઢેલા પ્રિયતમને પરિરંભણ આદિથી રીઝવીશ. એ અધર રસપાન પુલકિત હશે ત્યારે હું યે રતિરણધીરતાથી ઝઝૂમીશ.

(૫) ચતુર શિરોમણિ વિવિધ બંધાદિ દ્વારા રમણરસ સિદ્ધ કરશે ત્યારે એમાં લુબ્ધ બનીને

હું કોકિલશી મધુર કિલકારીઓ કરતી હોઇશ. એમના મુગ્ધ મુખ–કમલ પર શ્રમ-કણ ઝલકતા હશે ત્યારે હું અધર રસપાનના ઘેનથી તૃપ્તિ અનુભવતી હોઇશ.

માટે હે પ્રિય સખી ! તું સત્વર પ્રિયતમને અહીં બોલાવી લાવ. (**પ્રબંધ પૂરો**)

અરે બહેન ! અત્યારે મારી દૃષ્ટિ સમક્ષ શું રમી રહ્યું છે ? સાંભળ. ત્યાં રાસની રમઝટમાં એમનું અર્ધું પીતાંબર સરી ગએલું, પ્રસ્વેદ બિંદુ-ઓથી અર્ધું તિલક લૂછાઈ ગએલું; પુષ્પાવલી સમી અલકાવલીથી મધુર મુખકમલ છવાઈ ગએલું, આવું પ્રિયતમ–રૂપ નજર આગળ તરી રહ્યું છે !

વળી, બહુ રાસ ખેલીને, મદથી વક્ર બનેલી ભ્રમરો વડે, સુંદર નયન–કટાક્ષો ફેંકતી ગોપીઓને પ્રભુ કેવા વશ બની ગએલા દેખાતા હતા ! અત્યારે મારાં મનઃચક્ષુ સમક્ષ આ દૃશ્ય દેખાય છે; હું એમાં લીન બની જાઉં છું. [૧૦]

અરે રે, પરંતુ એમના વિયોગમાં, હું કેવી દુઃખિત છું.

કલ્પતરુના પુષ્પોની સુગંધવાળો, યમુનાજલનાં શીતલ રજકણો વડે ભારે બનેલો, અને તેથી જ જાણે અહીં મંદ મંદ વાતો હોય એવો આ પવન પણ મને અત્યારે સુખ આપી શકતો નથી. [૧૧]

વળી હે સખી ! આ ખીલેલાં વિવિધ પુષ્પો અને ગગનમાં ઊગેલો શીતલ શશી પણ પ્રિયવિ-યોગમાં, જાણે મને દાહ કરી રહેલ છે ! કશાથી સુખ થતું નથી. સખી ! હું શું કરું ? પ્રિયસમા-ગમ કેમ થાય તે તું મને બતાવ. [૧૨]

(સર્ગાન્તે વારણીનો શ્લોક) સખી જાણે આશ્વા-સન કે શુભેચ્છા દર્શાવી રહી છે.

હે પ્રિયાજી, પ્રાણનાથ તમારા સકલ મનોરથ પરિપૂર્ણ કરો. પ્રાણનાથ કેવા છે ? ક્રીડા–સમુદ્રમાં ખેલનારા, વ્રજસુંદરીઓનાં નયન–કટાક્ષો રૂપી તરંગોમાં (સમુદ્રનાં મોજાં) ઝીલનારા, ગોપીજનનાં નૂતન સ્નેહરસરૂપી જલથી ભિંજાઈ રહેલા, આવા છે પ્રાણનાથ !

વળી, મદન–મદને હરનારાં, તને જોતાં જ લજાઈ ગએલા, અને તારી સામે જોઈ સ્મિત કરતા શોભી રહેલા ! આવા પ્રાણનાથ તારા મનના મનોરથોને પૂર્ણ કરો. [૧૩]

---

### બીજો ઉલ્લાસ સમાપ્ત.

### 卐 ત્રીજો ઉલ્લાસ 卐

રસિકશિરોમણિ શ્રીકૃષ્ણનું મન પણ, રાધા-જીને જોયાં ત્યારથી, એમનામાં આસક્ત થઈ ગયું હતું. રાધા એમના હૃદયમાં રમી રહ્યાં હતાં એટલે રાસવિલાસ પછી પોતે રાધાને મળવા અધીર બની ગયા. [૧]

શ્રીકૃષ્ણ કુંજોમાં રાધાને શોધતા પધાર્યા તો ખરા; પરંતુ એમને સીધે સીધા મળવા ન જઈ શક્યા. લજ્જા, સંકોચ, અને રાધાના પ્રણય–કોપનો ડર એમને મનાવવા જતાં રોકી રહ્યો હતો એટલે વચમાં જ કોઈ કુંજમાં રોકાઇ ગયા. એ વિવિધ પ્રકારનું મનોમંથન અનુભવી રહ્યા. [૨]

અરે રે ! આ શું થઈ ગયું ? હવે હું શું કરું ? રાધા મારો અનાદર કરશે ? કોપ કરશે ? એ વિયોગિની રાધા રિસાઈને શું શું નહિ કરે ? અરે, હવે એ કેમ કરીને પ્રસન્ન થાય ! [૩]

મને ગોપીઓની વચ્ચે જોઇને એ ચાલી ગઈ ત્યારે તે કેવી લાગતી હતી ? કોપથી ભમ્મરો વક્ર બનેલી હતી ! લાલચોળ ઓષ્ઠ કંપી રહ્યા હતા ! લાલાશ ભરેલી આંખલડીમાં ઝળઝળિયાં આવી ગયા હતાં !

અરે, ઝડપથી ચાલવા જતાં, તેના શરીર પરની સુંદર સાડીને એણે કેવી પકડી રાખી હતી ! અહા ! આ મારું મન પણ એના વદન–સૌંદર્યનું ચિંતન કર્યા વિના રહી જ શકતું નથી. [૪]

એ રાધાની રીસભરી લાલ આંખલડીઓ ત્યારે કેવી લાગતી હતી ! એનો જ મને વિચાર આવ્યા કરે છે ! જાણે અરુણ પરાગથી ભરેલી રમણીય કમલ–બેલડી ન હોય ! [૫]

(પ્રભુ મનમનથી (પ્રિયાને સંબોધે છે :) પ્રિયે ! ખેંચાતી તારી ભ્રૂકુટિ–ધનુષમાં કટાક્ષબાણો વડે તેં મારા ઉરને વીંધ્યું છે. તેને લીધે મને કેવી પીડા થઈ રહી છે ! (તે તું જાણે છે !)

રાધે ! એ વ્યથા તો, તું તારી અધરસુધા-રૂપી ઔષધિ પાઇશ ત્યારે જ મટશે હોં ! અન્ય કોઈ ઈલાજ નથી. [૬]

હે સુમુખિ ! મને પોતાનો જ ગણીને મધુર વચનામૃતથી સિંચ. (મારી સાથે મીઠો મધુર વાર્તાલાપ કર.) વળી તારા કરકમલના શીતલ સ્પર્શ વડે મારો તાપ દૂર કર ! [૭]

પ્રિયે ! મારાં મન રૂપી મહા–મીન (માછલું) તારા સૌંદર્ય–સાગરના રસ–તરંગો વિના અન્યત્ર ખેલી શકે તેમ છે જ નહિ. (મન ચંચલ અને માછલાં પણ ચંચલ ! અને મોટું મીન તો મહાસાગરમાં જ ખેલી શકે ને !) [૮]

આમ પ્રભુ, યમુનાતટની નિર્મળ નિકુંજમાં બિરાજીને, મનમનથી કહી રહ્યા છે. પ્રણયનો ભાર વહન કરતા જાણે શિથિલ થયા છે. ત્યાં રાધાજીની અંતરંગ સખી આવી પહોંચે છે અને એમની વિરહાવસ્થાની વાત કરે છે. [૯]

### 卐 પ્રબંધ 卐

(કડી ૧–૨) સખી કહે છે : પ્રભુ, આપના વિરહમાં રાધા સિઝાઈ રહી છે. એ સુકુમારી જાણે રંક બની રહી છે ! ચંદ્રકિરણો અને ત્રિગુણ પવન એને અનલ સમાન લાગે છે ! ચંદન–લેપન કરતાં એ ખેદ કરે છે ! અરે. પોતાના દેહનું ય ભાન ભૂલીને, એ તમારા નામની જ રટના કરી રહી છે ! (૯)

(હે પ્રભુ, આ રીતે તે તમારામાં જ તન્મય બની ગઇ છેઃ–) તમારા પ્રાણ વડે જ એ જીવી રહી છે, તમારી લીલામાં આવિષ્ટ થઇને એવી જ ચેષ્ટા કરી રહી છે, તમારા કૂજન અનુસાર (તમારા જેવો સ્વર કાઢીને) એ તમારું નામ જપી રહી છે ! (૧૦)

ઓ શ્યામ સુંદર ! ઘડીકમાં એ ચેષ્ટા-શૂન્ય (નિષ્ક્રિય) બનીને ચકિત નયને ઊંચે આકાશમાં જોઈ રહે છે; ઘડીકમાં ચિંતામગ્ન અને અવાચક બની જાય છે. તમારા વિયોગની અગ્નિજવાલા જેવો નિઃશ્વાસ કોઈકવાર મૂકે છે (કેમકે) એને ડર લાગે છે કે રખેને આ અગ્નિજ્વાલાથી જગત્ ભસ્મીભૂત થઈ જાય ! (એવો પ્રબળ વિરહાગ્નિ એના અંતરમાં છે.) (૧૧)

હે પ્રભુ ! એના હૃદય–મર્મમાં તમારા વિર-હનો માર (આઘાત) લાગવાથી રાધા મૂર્છિત થઇ જાય છે. અમે એને એમાંથી જાગૃત કરવા ઉપચારો કરીએ છીએ. પરંતુ, છેવટે જાગૃતિ તો આપની કૃપાથી જ થાય છે. અમારા ઉપચારોથી શું થવાનું હતું ? (૧૨)

ઉપચાર કરતાં, અમે એને ચંદન ચર્ચીએ તે તેને વિષ જેવું લાગે છે. ચંદ્રદર્શન કે કમલ-સ્પર્શ એને અગ્નિ જેવો ભાસે છે. કંઠમાં પુષ્પમાળા પહેરાવીએ તેને તે ગળાનો ફાંસો ધારે છે અને શીતલ મોતીના હાર એને મહા ભાર રૂપ લાગે છે. (૧૩)

હે નાથ ! કમલ સમ કોમલાંગી તમારી રાધા તમારા વિરહમાં ધરણી પર આળોટે છે; વિલાપ કરે છે; રડે છે. તમારા જેવા સ્વામી છતાં એની આ દશા છે ! (૧૪)

પ્રભુ ! રાધા અતિ દીન બની ગઇ છે. દુઃખમાં પણ એ તમને હૃદય સમીપ પધરાવીને, પગે લાગે છે. પરંતુ એવી પ્રાર્થના નથી કરતી કે 'પ્રભુ,

મને જીવાડો.' (કેમકે આ વિયોગદુઃખમાં એને જીવવાની ઇચ્છા જ નથી રહી. આથી વધારે હું શું કહું? [૧૫]

અરે, તે તો ડગલે ને પગલે વિલપે છે. મનથી આવું કહી રહ્યા છે: પ્રભુ, હું તો તમારાં ચરણ-કમલમાં પડી છું. તમારા અંગસંગથી જીવાડવાનું કે વિરહમાં મારવાનું--આ બેમાંથી જે તમારી ઇચ્છામાં આવે તે કરો.

હે હરિ! એ વિરહદુર્બળ પ્રિયાને રોમાંચ, સીત્કાર, કંપ, તપન આદિ થઈ આવે છે. ઘડીમાં સખીને (મને) ભેટે છે. ઘડીમાં ભોંય પર પડી જાય છે; અને મૂર્છિત થઇ જાય છે. (૧૭)

પ્રભુ, આવી વિકળ દશામાં એ દીન બનેલી છે. પ્રબળ મદનજ્વરથી પિડાય છે. એને આપની અધર-સુધા રૂપી રસાયન ઔષધ પાશો તો જ એ જીવશે (દુઃસાધ્ય વ્યાધિ અને દુર્લભ ઔષધ) નહિ તો શું થશે? જાણો છો, પ્રભુ? એ કહેતાં મારી જીભ ઊપડતી નથી. એવું અશુભ મારાથી કેમ બોલાય? (૧૮)

(વારણીનો શ્લોક) હે સખિ! જ્યારે મૂશળ-ધાર મેહથી નિજ વ્રજવાસીઓ પિડાઈ રહ્યાં હતાં ત્યારે સૌનું રક્ષણ કરવા જેમણે મહાન ગિરિરાજને ઊંચે ઉઠાવ્યો હતો, એવા સમર્થ અને કૃપાળુ પ્રભુ રાધિકાજીની પીડાને પણ સત્વર દૂર કરો. એમના સકલ મનોરથોને પૂર્ણ કરો. (૧૯)

**ત્રીજો ઉલ્લાસ સમાપ્ત**

---

## 卐 ચોથો ઉલ્લાસ 卐

હવે ભગવાન એ સખીને જ કાર્ય સોંપે છે: "અલિ સખી! હું અહીં જ છું. તું રાધાની પાસે જા. એને અહીં તેડી લાવ."--ગદ્ગદ થતાં પ્રિયતમ આમ કહી રહ્યા છે. બીજું તો કંઈ એ ચતુર સખીને શીખવવું પડે તેમ હતું જ નહિ! હવે સખી રાધાજી પાસે જઇને કહેવા લાગી. (શ્લોક ૧-૨)

### પ્રબંધ

હે રાધે! તારા વિરહમાં નંદનંદનને અત્યારે કોઇ વસ્તુથી જરા યે સુખ થતું નથી. ચંદ્રમાને તે વિષમય જુએ છે. તારું નામ લઈ લઇને વિલપે છે. તારું અત્યંત ચિંતન કરતાં તે તન્મય બની ગયા છે. એટલે તને જેવું વિરહદુઃખ થાય છે તેવું જ તેમને-એ સુકુમાર પ્રિયતમને-પણ થઈ રહ્યું છે, આથી વિશેષ હું શું કહું?

શ્રી કૃષ્ણ એવા રાધામય બની ગયા છે કે અમે 'રાધે' કહીએ ત્યારે એ હુંકારો આપે છે. પોતાને રાધા જ માની રહ્યા છે! 'નંદકુમાર આવ્યા' એવું કહીએ ત્યારે તે પ્રફુલ્લિત થઇ જાય છે!

(પ્રબંધ પૂરો)

હે વ્રજભૂષણાંગી! વ્રજને શોભાવનાર સુંદ-તા તારા અંગઅંગમાં ભરી છે, એવી હે રાધે! તારું રૂપ નીલ મેઘમાં ચમકતી વિજળીને ય શરમાવે તેવું છે. આ રૂપની સ્મૃતિ માટે, શ્યામ સુંદર સદાયે ચળકતું પીળું શ્રી પીતાંબર અંગે ધરે છે-કટિ અને વક્ષઃસ્થલ પર પરિધાન કરે છે. (મેઘશ્યામ શ્રીઅંગ અને વિજળી સમું પીતાંબર) તું આટલી બધી એમને પ્રિય છે, સખી! (૩)

રાધે! પ્રાણેશ સદાયે ગુંજામાલા કેમ ધરે છે, તે તને ખબર છે? તારા નકવેસરના ઝૂલતા મોતીની સ્મૃતિ માટે ધરે છે. મોતીની ઉપરના ભાગમાં તારા અંજનની શ્યામ દીપ્તિ પ્રતિબિંબિત થાય છે અને નીચેથી તારા અધરની લાલિમાની ઝાંઈ પડે છે. ગુંજામાં પણ શ્વેત, શ્યામ અને લાલ વર્ણ જ હોય છે ને માટે તેને પોતાના ઉર ઉપર રાખે છે. કેવો તારા પ્રતિ પ્રેમ! [૪]

હે સખિ! આટલો મદન-પરિતાપ તું શા માટે સહી રહી છે? મારી સાથે ચાલ, પ્રાણ-પ્રીતમને મળ અને વિરહતાપને શમાવ. તારાં અમૃત સમાં વચનો એમના અંતરમાં સુખ ઉપજાવશે. તું પ્રાણેશ સાથે, ચિરકાલ પર્યન્ત, ઇચ્છાનુસાર વિલસજે. [૫]

હે સજની! જો, રજનીનો ગાઢ અંધકાર પ્રસરી ગયો છે હવે વિલંબ ન કર. શ્યામ નીવિ પહેરી લે. માર્ગમાં ધીમે પગલે ચાલજે, કે જેથી નૂપુર-ધ્વનિ ન થાય. આ રત્ન-કંકણોને ઉત્તરીય વસ્ત્રોમાં ઢાંકી લેજે. માર્ગમાં કોઈ તને જોઈ નહિ શકે. તું સંકોચ છોડી દે. (આમ સખી રાધાજીને કૃષ્ણાભિસારિકા બનાવે છે.) [૫]

હે આલિ! પ્રિયતમ પોતે જ ત્યાં શય્યા રચી રહ્યા છે. કેવી? કોમલ પત્રો અને જળ સ્થળનાં કમળોની સુકોમળ પાંખડીઓની શય્યા! શય્યા રચીને અતિ આતુરતાથી તારા આગમનની રાહ જોઈ રહ્યા હશે! [૭]

એ વિચારતા હશે: 'રાધા ધીમી ધીમી ચાલથી ચાલતી ગુપચૂપ આવશે; પ્રેમભરી દૃષ્ટિ વડે મને નીરખશે; પ્રીતિપૂર્વક આલિંગીને ચિર-કાલ પર્યંત રતિરસ જમાવશે.'

આમ વિચારતા તેઓ, ઘડીભર વિરહક્લેશને ભૂલીને, જે કલ્પના કરે તેમાં એકરૂપ બની જતા હશે. કેમકે તે કેવલ રસરૂપ છે! (રસો વૈ સઃ પ્રભુ છે. રસનો સ્વભાવ છે કે જેના સંબંધમાં આવે તેમાં ભળીને એકરૂપ થઈ જાય.) (૮)

બહેન! તું મારી સાથે ચાલ. આવા શ્રીકૃષ્ણ તને આદરપૂર્વક સત્કારવા સામા આવશે. ત્યાં ત્રિવિધ પવન વહેતો હશે. (તેનાથી તારો શારી-રિક-માનસિક પરિતાપ દૂર થઈ જશે.) આ પ્રિય-મિલન કરતાં અધિક સુખ ત્રિભુવનમાં હોઈ શકે ખરું? તું કહે તો ખરી! (૯)

હે કમલનયની! તું સ્નેહની રીતિને જાણે છે. શ્રીકૃષ્ણનો તારા પ્રતિ ભરપૂર સ્નેહ છે તે પણ તું જાણે છે! તારું હૃદય પ્રિયતમ પ્રતિ સ્નેહની રેલ રેલાવી રહ્યું છે! તું પ્રેમઘેલી બની ગઈ છે!

આટલું છતાં તું આમ દુઃખિત કેમ થઈ રહી છે? ત્યાં આવવાનું કહું છું તે માનતી કેમ નથી? હું કંઈ કારણ સમજી શકતી નથી.

હે કમલનયની! આ તો તું માન-સાગરના સેતુ (પૂલ)ને પણ ઓળંગી ગઈ છે! (હે માનિની, તારા માનની તે હવે તો હદ થઇ છે!) (૧૦)

રાધાજી આ વચનો સાંભળે છે. જલભરેલાં અરુણ નયનોના ખૂણામાંથી એ સખી તરફ દૃષ્ટિ કરે છે. પોતે વિરહથી દીન બનેલાં છે, છતાં કંઇક ગુસ્સે થાય છે; અને ધીમે ધીમે, અધીં અસ્પષ્ટ વાણીથી, સખીને કંઈક કહે છે. રાધા એવાં વિરહ-દુર્બળ છે કે વિરહનો તાપ શમાવવા, એમના ઉર ઉપર મૂકેલી સજળ કમળની પાંખડીઓનો પણ જાણે ભાર લાગે છે. (સખી સાથે વાત કરતાં એ પાંખડીઓને હસ્ત વડે ખસેડી રહ્યાં છે!) (૧૧)

રાધા કહે છે: "અલિ, આ તું શું બોલે છે! યુવતીયૂથથી વિંટળાએલા હરિ, સુંદરીઓના વિલાસોને વશ થઈને સ્વચ્છંદ વિહરે-એ મારે મન કેટલા દુઃખની વાત છે!

પરંતુ, આમ છતાં યે મારું વિચિત્ર મન, વિરહથી તપ્ત બનીને પ્રિયતમના શીતલ અધરા-મૃતનું પાન કરવાની જ ચાહના કરી રહ્યું છે! આ કેવું અદ્‌ભુત! હવે મારે શું કરવું, સખી! (૧૨)

હે સખી! જો તું કહે છે તે પ્રિયતમની વિરહાવસ્થાની વાત સાચી જ હોય તો તેઓ જ સત્વર કેમ અહીં આવતા નથી? સાવ નિર્દોષ એવી મારી આમ ઉપેક્ષા કેમ કરી રહ્યા છે? શું મારું ભાગ્ય જ વિપરીત બની ગયું હશે! (૧૩)

જોયેલા દશ્યની સ્મૃતિ થતાં, મને ચંદન વિષ સમું લાગે છે! પવન અગ્નિ જેવો લાગે છે! અરે રે! તો પણ મારું મન એ પ્રિયતમને છોડવા તૈયાર થતું નથી. સખી! મારું મન જ મારા કહ્યામાં નથી. હવે હું શું કરું?" (૧૪)

હવે આ વખતે ગગનમાં ચંદ્ર ઊગતો દેખાયો. તે કેવો હતો? એની વચમાં શ્યામ ધાબાં હતાં; જાણે સ્વૈરિણીઓનાં નેત્રનાં આંસુના ડાઘ!

(જાર-ઘેલી યુવતીઓના ગુપ્ત અભિસારમાં ચંદ્ર અંતરાય રૂપ થાય છે ને!)

આ ચંદ્રની શી અસર થઈ? જેમ પવન અગ્નિને ઉદ્દીપ્ત કરે તેમ આ ચંદ્ર વિરહિણીના વિરહાગ્નિને વધુ પ્રજ્જ્વલિત કરતો હતો. [૧૫]

વળી એ ચંદ્ર કેવો લાગતો હતો? એ અરુણ-વરણો હતો! શા માટે? જાર યુવતીજનો કોપીને તેના પ્રતિ લાલ આંખ કરતાં જાણે એ લાલ બની ગયો હોય! (ઊગતો ચંદ્ર લાલાશ પડતો દેખાય છે.)

આવા ચંદ્રને અવલોકીને, અને પ્રાણેશને પધારતાં થતો વિલંબ વિચારીને દીન બનેલાં રાધા, પરમ પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. (૧૬)

પ્રબંધ

રાધાજી કહે છે: "અરે રે! શ્રીહરિ મુજ પર કેમ કરીને કૃપા કરશે? મને એમની અધર-સુધા પાઈને જીવન-દાન આપશે ખરા?"

"પ્રિયતમ મળશે-મળશે," એવી આશામાં જીવન ટકાવી રાખવું, તે પણ હવે સારું નથી!

અરે! મને લાગે છે કે આ સખી જ (મને આશા આપવા માટે) ખોટું ખોટું કહીને, વૃથા છેતરી રહી હશે! પ્રિયતમ તો મને યાદ પણ નહિ કરતા હોય! એમને આટલી બધી ગોપીઓ મળી છે, પછી મને શા માટે યાદ કરે!"

અરે રે, હવે મારે ભગવાન સિવાય કોનો આધાર છે! હા નાથ! ઓ પ્રેમી પ્રિયતમ! આપ કૃપાના નિધિ છો! આપના વદન-કમલનાં આ દીન દાસીને દર્શન કરાવો. **(પ્રબંધ પૂરો)**

વળી કહે છે: "એક રીતે તો મને-પરમ કલેશવાળીને-એ યાદ ન કરે તે જ સારું છે! વિયોગાગ્નિની જ્વાલામાં લપટાએલા મારા મનની ચાહનાને એ ન જાણે, એ જ સારું છે. કેમકે, એ સુકુમાર પ્રભુને એથી પરિશ્રમ પડે ને! પરંતુ, અરે રે! આ મારા પ્રાણ ક્ષણમાત્ર પણ એમનો વિયોગ સહન કરી શકે તેમ નથી; એનું શું?" (૧૭)

વળી રાધા વિચારે છે: "અહા! પ્રભુ અહીં કેમ નહિ આવતા હોય? પણ ક્યાંથી આવે? વ્રજસુંદરીઓના સંભોગમાં એમનું મન લપટાઈ રહ્યું હશે! અથવા તો કામવશ બનેલી મદમસ્ત લલનાઓ લજ્જા છોડીને એમને રોકી રહી હશે! તેઓ તેમને બીજે જવા જ શાની દે! એથી પ્રિયતમને પધારતાં વિલંબ થયો હશે! અથવા તો માર્ગમાં આવતાં એ મનમોહન સંયોગવશાત્ કોઈક સખીની ઝડપમાં આવી ગયા હશે! તે તો એમને પોતાની કુંજમાં જ લઈ જાય ને! પછી, અહીં ક્યાંથી આવે!"

રાધાજી મન મનથી આવી બધી કલ્પનાઓ કરી રહ્યાં છે. (૧૮)

(સર્ગાન્તે આશીર્વચન શ્લોક) હવે કવિ સખી રાધાજીને શુભેચ્છા અર્પે છે!

હે રાધે! ગોપીજનોના નેત્રનાં અંજન સમા, (શ્યામ) વ્રજવધુઓનાં નયનોની કીકીઓ સમા, (શ્યામ) ગોપીજનોની ભુજાઓ રૂપી લતાઓને લપટાવા માટે તમાલવૃક્ષ સમા (શ્યામ) તારા સમાગમની આશારૂપી વેલિના આધારરૂપ કલ્પતરુ! આવા શ્યામસુંદર હરિ, સત્વર તારા મનના મનોરથોને સિદ્ધ કરો. (૧૯)

**ચોથો ઉલ્લાસ સમાપ્ત**

---

## 卐 પાંચમો ઉલ્લાસ 卐

આમ કેમેય કરતાં રાત્રિ વીતી ત્યારે પ્રિયતમ પ્રભાતમાં પ્રિયાજી પાસે પધાર્યા. કંઈક લજ્જાથી લોચનિયાં નીચે ઢાળીને ઊભા છે; રસભર્યા કટાક્ષ કરી રહ્યા છે! ચતુરાઈ ભરેલાં મીઠાં મધુરાં વચનોથી, કાલાવાલા કરીને અને પગે લાગીને, પ્રિયાજીને મનાવી રહ્યા છે.

પરંતુ, રાધાજી માનતાં નથી. ઊલટ, ખિન્ન થઈને, પ્રિયતમને વ્યંગવચનો સંભળાવી રહ્યાં છે! (૧)

વાહ! સત્યવાદી માધવ! અંતરમાં અને બહાર તમે પરકીયા-વિલાસ-રસથી ભરેલા છો અને કહો છો કે હું કંઈ જાણતો જ નથી! તમારા જેવાને આ શોભે છે ખરું કે? (૨)

અરે, તમે કેવા સાધુ પુરુષ છો! સજ્જન છો! (સજ્જનો પોતાની સારી વસ્તુ બીજાને આપે; બીજાના દોષ પોતે વહોરી લે, તેમ) તમે તમારા અરુણ અધરનો મધુર તાંબુલ-રસ તો તમારી કોઈ પ્રિયાનાં નયનોને આપી આવ્યા છો! અને એનું કાળું કાજળ તમારા અધરોષ્ઠ પર લઈ આવ્યા છો! કેવા સજ્જન ગણું તમને? (૩)

એ પ્રિયાના દંત બેસવાથી તમારો અધર ઘવાયો છે; તે જણાવે છે કે મારા પ્રત્યેનો તમારો રસ પણ ખંડિત થયો છે, વળી, તમારા અંગો પર એના અધરની લાલિમા આછી આછી લાગેલી છે તે તમારા, મારા તરફના અનુરાગનું, આછકલા-પણું પણ જણાવી દે છે. (૪)

અરે, હજુ પણ તમે એનું ચિંતન કરી રહ્યા છો-ધ્યાન ધરી રહ્યા છો! તે તમારા હૃદયમાં રમી રહી છે! તેથી તો તમારા નીલ મણિ સમા વક્ષઃસ્થલમાં એના કુચ-કુંકુમનું જાણે અંદરથી-પ્રતિબિંબ પડી રહ્યું હોય એમ લાગે છે.

(પ્રિયતમના ઉરઃસ્થલમાં એ પ્રિયાનું કુચ-કુંકુમ લાગેલું છે, તેને આ રીતે કલ્પે છે.) (૫)

(રજનીના અંધકારમાં પ્રભુ ભૂલથી પોતાનું પીતાંબર મૂકીને, પ્રિયાનું શ્યામ વસ્ત્ર પહેરી લાવ્યા છે, તે જોઈને કહે છે:-) હે શ્યામ! તમે એનું રૂપ ધારણ કર્યું છે. એમ જ એણે તમારું રૂપ ધર્યું હશે. આવું ઐક્ય એની સાથે થઈ ગયું છે! હવે મારી તમારે જરૂર જ શી છે? (૬)

જાગરણ-જનિત લાલાશને મિષે, એના પ્રત્યેના તમારા અનુરાગની લાલિમા તો આ તમારા નેત્રોમાં પ્રગટ દેખાઈ રહી છે! હવે તેને છુપાવવાનું તો અશક્ય જ છે! (૭)

હે માધવ! હું ધારું છું કે તમારા નેત્રની કીકીઓમાં પણ એ જ રમી રહી છે! કેમકે મારી પાસે તેને છુપાવવા માટે તમે વારંવાર નેત્રો મીંચી રહ્યા છો! (ઉજાગરાથી નેત્રો ઘડી ઘડી મિંચાઈ જાય છે, તે ઉપરથી આ કલ્પે છે.) (૮)

પ્રભુ, તમે રાત્રિભર જે પરાક્રમ કરી આવ્યા છો, એમાં મને શંકા રહે એવું છે જ નહિ. રતિરણનો સંગ્રામ ખેલીને, મદનરાજ ઉપર તમે જે વિજય મેળવ્યો છે, તેનો વિજયલેખ તમારી છાતી પર લખાએલો જ છે. એ લખનાર વીર પ્રમદા પણ કેવી અદ્ભુત હશે! (પ્રિયાના નખ-ક્ષતનાં ચિહ્નો ઉર ઉપર દેખાય છે, તે ઉપરથી આ કલ્પે છે.) (૯)

(હવે વળી બીજી રીતે, નખક્ષત માટે અનુમાન કરે છે.)

ના, ના, એમ ન પણ હોય! ત્યારે આમ હશે, એ તમારી પ્રિયાએ વિચારેલું કે કોઈવાર તમે એને તમારા હૃદયમાંથી દૂર કરો ત્યારે શું

કરવું ! માટે તમારા હ્રદયમાં પ્રવેશ કરવાનાં આ દ્વાર નખક્ષતને મિષે, એણે બનાવી રાખ્યાં છે ! આ એની કેટલી અગમચેતી !

'ઓ પ્રિયતમ! તમે મને હ્રદયમાંથી કદી દૂર ન કરશો'–એમ વિનંતિ કરતાં એ સુંદરી તમને પગે લાગી હશે; ત્યારે તેનું લલાટનું કુંકુમ તમારા ચરણ પર લાગ્યું છે, તે પણ પ્રગટ દેખાય છે! ઓ છેલ ! તમે મારાથી કેટલું છુપાવશો ? (૧૧)

હે વ્રજેશ ! હે કમલનયન ! તમે જલ્દી તેની પાસે જાઓ, જેણે તમારી મનોકામના પૂર્ણ કરી છે ! એને મનગમતું હોય તે કરો. અહીં શું કરવા આવ્યા છો ? (૧૨)

હે કિશોરવર ! રજની પૂર્ણ કરીને, હજુ પણ, તે તો તમને અહીં ન આવવા દેત ! આ તો તમે કેટલા બધા સારા છો કે સવારમાં પણ અહીં આવી ગયા ! ! (વ્યંગ) (૧૩)

(ઉપર પ્રમાણે વ્યંગ-વચનો કહી દઈને, હવે છેવટે, જે કહેવું છે તે સ્પષ્ટ જ કહી દે છે.) હે નાથ ! હું તમારા પ્રતિ આટલો સ્નેહ રાખું છું અને તમે મારી સાથે આવું (નિષ્ઠુર) વર્તન કરો છો ! તો હવે મારે બીજું કહેવાનું જ શું હોય ! સંક્ષેપમાં એટલું જ કહી દઉં કે હવે શું (અનિષ્ટ) બનશે તે હું કલ્પી શકતી નથી ! (હવે આ દેહ રાખીને મારે શું કરવું છે ?) [૧૪]

(છેલ્લો શ્લોક) સખી સખીને કહે છે કે :– અર્ધાં મીંચાતાં નયનોવાળા, જાગરણને લીધે જેમને બગાસાં આવી રહ્યાં છે એવા, રાધાજીની બીકે રતિચિહ્નોને છુપાવવા પ્રયાસ કરતા, એ ઉદારવર પ્રાણેશ, અમારાં કમલનયની સ્વામિનીના પરિતાપનું શમન કરો. [૧૫]

(હવે રતિચિહ્નોને દૂર કરવા પ્રભુ ત્યાંથી અન્યત્ર પધારે છે.)

પાંચમો ઉલ્લાસ સમાપ્ત.

## 卐 છઠ્ઠો ઉલ્લાસ 卐

રાધાજીએ રીસમાં જે કંઈ મનમાં આવ્યું તે પ્રભુને કહી દીધું. પરંતુ, એ કહેતાં એમનું અંતર વિષાદથી ભરાઈ ગયું; એ મૌન બની ગયાં. મનમોહન પ્રિયતમ પાસે જ છતાં, રમણસુખ લઈ શકાતું નથી. મદન–બાણ અંતરમાં વાગી રહ્યાં છે. [૧]

હવે ચતુર સખી એમને કંઈક કહી રહી છે :

"ઓ મારી મુગ્ધલોચના ! ભોળી સખી ! મારી આટલી વાત તું સાંભળ. તારા અનુરાગી પ્રાણપ્રિય આતુર બનીને, તારી સામે આવીને, તને મનાવી રહ્યા છે; ત્યારે આમ માનને વળગી રહેવું તે જરા યે યોગ્ય નથી. [૨]

હે રાધે ! મંદ પવન સાહજિક રીતે આવીને વાઈ રહ્યો છે. એમ જ માધવ–વર પણ તને સુખ આપવા સામે ચાલીને પધાર્યા છે; તો બહેન ! ત્રણે લોકમાં આથી અધિક સુખદ બીજું શું હોઇ શકે ! તું પણ આ વાત જાણે જ છે ! મારે કેટલું કહેવું ? છતાં હું તારી જ છું માટે કહું છું [૩]

સખી ! તારા ભાગ્ય–મહિમાનો વેદ પણ પાર પામી શકે તેમ નથી. કેમકે જેને ત્રિલોક–સુંદરીઓ શોધતી આવે તેવા શ્રીકૃષ્ણ તારા સ્વરૂપમાં આસક્ત બની રહ્યા છે ! [૪]

હે મુગ્ધે ! આમ ખેદ શું કર્યા કરે છે ! હવે મધુસૂદન પ્રભુને સત્વર મળ. ખેદને દૂર કર. એમનાં દર્શન વડે તારાં નયનોને સફળ કર. [૫]

બહેન ! તને કેટલી વાર કહ્યું છે કે તું કદીયે એ મનમોહનને તરછોડીશ નહિ. ભલે, એ બહુનાયક હોઈને, કોઈ વાર તારી સાથે છલ પણ કરે ! સાથે સાથે તે તારામાં સ્નેહ પણ એટલો જ રાખે છે ! એ તો એમનું મન જ એવું છે, એમાં ગભરાય શાં ઉપાય ! [૬]

(શ્રીરાધાને રુદન કરતાં જોઈ સખી, અલંકારિક રીતે એમને સમજાવે છે) સખી ! તારાં નયનનાં નીર વડે, આ કુચ-કુંકુમને ભીંજવીને, શા માટે ધોઈ નાખે છે ! ઉર ઉપરનું આ લાલચોળ કુંકુમ, તે કંઈ તારા હ્રદયનો તાપાગ્નિ નથી. તને અગ્નિનો ભ્રમ થવાથી એને જલ છાંટતી હશે ! પણ એ રંગ તો તારા પ્રિય પ્રતિના અનુરાગનો છે !

(અર્થાત્–તું રડી રહી છે, તે યોગ્ય નથી. પરિતાપ કરવાનું હવે કોઈ કારણ નથી. પ્રિયતમના પ્રેમને નિભાવી રાખ. એને ધોઈ નાંખીશ નહિ; તો સઘળું સુખરૂપ જ છે ! [૭]

ઉદારવર હરિ અતિ કોમળ ચિત્તવાળા છે. તારા માનને એ સહી શકશે જ નહિ. ફરી પધારીને, મધુર વાણી વડે તારા મનની પીડાને દૂર કરશે જ." [૮]

સખી આમ કહી રહી છે ત્યાં તો પ્રભુ પુનઃ પધારે છે. જુએ છે કે રાધા પ્રણય–કોપ ભરેલાં, છતાં મદન–પીડાથી નિઃશ્વાસ મૂકી રહ્યાં છે. એમના ઓષ્ઠ સુકાઇ ગયા છે અને અભિમાન ગળી ગયું છે.

એ ચંદ્રવદનીના સ્નેહથી ભરપૂર ભીંજાએલા ભગવાન, હવે મધુર વાણીથી એમને કહેવા લાગ્યા : [૯]

પ્રબંધ–અહીંથી શ્લોક ૧૩ પર્યંત, પ્રભુ પ્રિયાજીને વિવિધ પ્રકારે, અલંકારિક વાણીમાં સમજાવીને, પોતાની સાથે વિલસવા માટે પ્રેરે છે.)

"હે કમલાક્ષિ ! માન ત્યજી દે. પેલો કામદેવ એનાં કઠિન શરો વડે મારા પર આક્રમણ કરી રહ્યો છે; ત્યારે તું મારી થઈને મને સહાયતા ન કરે, તે શું ઉચિત છે ?

(અંદર અંદર વિરોધ હોવા છતાં, બહારનો શત્રુ આક્રમણ કરે ત્યારે એક થઇ જવું જોઇએ; એ વ્યવહારિક નીતિ છે !)



તારું શીતલ અધરામૃત પાઈને, મનસિજના પરિતાપને દૂર કર. મધુર વાણી બોલીને મારા અંતરને સુખ કર ! (પ્રબંધ પૂરો)

(હવે રાધાજીના કુચ–કુંભ પ્રણય–કોપજનિત ઝડપી શ્વસનને લીધે, આંદોલિત થઇ રહ્યા છે ! તે જોતાં પ્રભુ કહે છે :–)

પ્રિયે ! તારા કુચ–કુંભ જાણે મને આલિંગન આપવા તત્પર થઈ રહ્યા છે ! તે જોઈને પણ મને સુખ થાય છે. હું આટલો આતુર છું. છતાં, હે રાધે ! તું હજું વિલંબ શા માટે કરે છે ? [૧૦]

હે પ્રિયે ! તું મારી સામે તો જો ! તારા શ્રીમુખરૂપી નૂતન પૂર્ણ ચંદ્ર તેની કિરણપ્રભા વડે, મારાં નયન–કમલોનું રંજન કરશે. (૧–પ્રસન્ન કરશે. ૨–રંગી દેશે) અને સામેથી મારા અંજનયુક્ત નેત્ર–પ્રભાના પ્રતિબિંબ વડે તારો આ મુખ-શશિ શ્યામ કલંકવાળો દેખાશે. ત્યારે તારું વદન, ખરેખરો ચંદ્ર જાણે બની જશે. (રાધાજી નીચું જોઈ રહ્યાં છે. તેમને પોતાની સામું જોવડાવવા માટેની આ યુક્તિ સાથે પ્રશંસા પણ કરી છે.) [૧૧]

રાધે ! કામદેવના મંગલ કલશ સમા તારા કુચ–કુંભમાં, નૂતન પલ્લવ સમી આ મુજ અંગુલિઓને વિલસવા દે. વળી, એ કુંભમાં ભરેલા રસને બહાર આવવાનું દ્વાર બનાવવા દે ! અર્ધચંદ્રબિંબ જેવા મારા નખક્ષત વડે જ તો ! [૧૨]

અરે ઓ પ્રણયિની ! જો તું મારા પર કોપેલી જ છે તો, તે રીસ ઉતારવા, તું મને વિવિધ પ્રકારની શિક્ષા પણ ભલે કર !

જેમ ગુનેગારને બાંધવામાં આવે છે તેમ તું મને વિવિધ પ્રકારના બંધ (ચોરાશી આસનો) વડે બાંધ. વળી, દંતક્ષત અને નખ–બાણો વડે મને વીંધ. તારી પ્રસન્નતા થાય તેવું બધું જ તું મને કર. હું તારો જ છું, પ્રિયે ! [૧૩]

હે મુગ્ધે ! હું સામે જ ઊભેલો છું. છતાં તારા ભ્રૂકુટિ-ધનુષ્ય પર ચઢાવેલાં નયનકટાક્ષ રૂપી કામ-બાણો, મારા તરફ કેમ તાકતી નથી ? નીચું કેમ જોઈ રહી છે ? (સામું તો જો) હું તારો અપરાધી છું. તું મને શિક્ષા કર. [૧૪]

(અત્રે, ભકત કવિશ્રી દયારામભાઇનું પદ- "તમારો તમારો પ્યારી ! મન માને તે કહોની !"

(વળી, પ્રભુ બીજી રીતે સમજાવે છે) હે પ્રિયે ! તું મારી સાથે મળીને, એટલો વાસ્તવિક નિર્ણય તો કર કે આપણી બન્ચે સંપૂર્ણ સખ્ય થાય છે કે નહિ ? કેટલા પ્રમાણમાં થાય છે ? સખ્યના કેટલા ગુણધર્મો (લક્ષણો) મળતા આવે છે ? **સમાનશીલ વ્યસનેષુ સખ્યમ્ ।**

(અર્થાત્, આપણો સ્નેહસંબંધ પૂર્વવત્ જોડાઇ શકે છે કે નહિ ? તેના અખતરા ખાતર પણ તું મારી સાથે પુનઃ સંલગ્ન થઈ જા ! આમ શા માટે માની લે છે કે આપણી વચ્ચે જુદાઇ થઈ જ ગઈ છે ?-એક. યુકિત) [૧૫]

હે પ્રિયતમે ! મદનનાં વિષમ બાણો વાગવાથી મને એવું વિષ ચઢયું છે ! તે વિષ ઉતારવા માટે જલ અને મંત્રોની જરૂર પડે છે. તારા ગાઢ આલિંગનથી પ્રસ્વેદ-જલ પ્રગટશે ! તારાં મધુર વચનો, આ વિષ ઉતારનાર મંત્રો બની જશે !

વળી, પ્રિયે ! હું કામજ્વરથી-કામાગ્નિથી તપ્ત છું. તારા શીતલ અધરામૃત-પાન વડે તેમજ તારાં નયન-કમલોનો મારા અધરને સ્પર્શ કરાવીને એ તાપને શાંત કર ! અન્ય કોઈ ઉપાયો વડે આ થઈ શકશે નહિ. માટે હવે વિલંબ કરવાનું છોડી દે.

(વિષ ચઢેલાને અને વિષમજ્વરવાળાને તો તાત્કાલિક ઇલાજ કરવો જોઇએ. તે સિવાય તે કેમ જીવી શકે ! ) [૨]

હે કમલ- નયની ! આ મારા હૃદય ઉપર અન્ય કોઈ સુંદરીઓએ કબજો જમાવ્યો હોય એવી તને શંકા છે. પણ ના, ના, દેવી ! તારા જેવી પરમ દૈવતશાલી સમર્થ વ્યકિતએ જે હૃદય-પ્રદેશ કબજે કરેલો છે, તેના પર આક્રમણ કરવા (અર્થાત્ મારા હૃદય-દેશને જીતી લેવા) અન્ય કોઇ પણ લલના શકિતમાન નથી. હે તરુણી ! તું આવી શંકા જ છોડી દે.

(આશય એ છે કે 'ભલે, અન્ય વ્રજાંગનાઓ સાથે પરિચયમાં આવું, છતાં પણ મારી હૃદય-દેવતા તો તું જ છે. તારી સમાન મેં કોઈનેય ગણી નથી. હૃદયનો પરાત્પર પ્રેમ તો મેં તને જ સમર્પ્યો છે ! )

પ્રિયે ! તું મુજ પર કૃપા કર; આ મૌન છોડી દે ! અતડાપણું તજીને મારી સામે જો, વિષાદ તજીને આનંદમાં આવ જા. [૧૭]

(છેલ્લો વારણીનો શ્લોક)

સખીજન મનમાં ઇચ્છા કરે છે :- જે શ્રીકૃષ્ણ, ગાયો ચરાવવા પધારે ત્યારે, દૂર ગએલી ગાયોને, હાથ ઊંચો કરીને, મેઘ સમી ગંભીર વાણી વડે, પ્રેમપૂર્વક બોલાવે છે તે પ્રભુ શ્રીરાધાને મનગમતા સંયોગ-સુખનું પ્રદાન કરો. [૧૮]

(પશુઓ ઉપર કૃપા કરીને, પોતાના પ્રતિ આકર્ષીને, આમ સુખ આપનાર પ્રભુ, નિજ પ્રિયાને સુખ દાન કરે, તે તો સહજ-સ્વાભાવિક જ છે.)

**છઠ્ઠો ઉલ્લાસ સમાપ્ત**

## 卐 સાતમો ઉલ્લાસ 卐

હે સખી, આ રીતે બહુ બહુ પ્રકારે શ્રીકૃષ્ણે મનાવવાથી રાધાજીનું માન છૂટી ગયું અને મંદ-મંદ હસવા લાગ્યા. પછી પ્રિયતમ, સુંદર સ્વરૂપ ધરીને, નિકુંજમાં પધાર્યા અને પુષ્પશય્યામાં નિવેશ કર્યો, હવે સખી, લજાએલાં અને મંદમંદ હસતાં પ્રિયાજીને, આ પ્રકારે કહેવા લાગી. [૧]

સખી કહે છે : હે રાધે ! ત્રિભુવનમાં તારા જેવી ભાગ્યવતી સુંદરી કોઈ નહિ હોય કે જેની પાસે ત્રિભુવન-પતિ આવા અધીન બની જાય ! બહેન ! હવે તું સુંદર અલંકારો ધારણ કરી લે. પ્રિયતમની પાસે કંઈ એમ ને એમ જવાય ! [૨]

પ્રસન્ન થયેલી સખીએ એ સુંદરીને અંગે સુગંધિત પદાર્થો ચોળી ને સ્નાન કરાવ્યું. કસ્તુરી, મલય ચંદન, કપૂર, અગર, ઇત્યાદિ વડે. [૩]

પછી સહજ સુગંધયુકત એ સુંદરીના સર્વાંગમાં સખીએ કેસરનું લેપન કર્યું. [૪]

તે પછી સોનેરી વસ્ત્રની, પુષ્પગુચ્છાથી ભરેલી નીવિ (લહેંગો) લઈને, સખીએ એને પહેરાવી. સખી હસતી જતી હતી. નીવિ એવી રીતે પહેરાવી કે અર્ધ-નાભિ ખુલ્લી રહે; જેથી પ્રિયતમનું મન-રંજન થઈને તેઓ મોહિત થાય. હવે કટિતટ ઉપર આછા પીળા રંગની નાડાની ગ્રંથિ બાંધી. [૫]

અરે, એનો મધ્યભાગ અર્થાત્ કટિ દેખાય છે ખરી ? એ (કટિ) એવી કૃશ (પાતળી) છે કે જાણે છે જ નહિ. આમેય વિજ્ઞાનની દૃષ્ટિએ મધ્યભાગ શૂન્ય ગણાય છે. (જેમ પૃથ્વીના મધ્યભાગમાં શૂન્યાવકાશ છે.) પરંતુ એ કટિપ્રદેશની ઉપર બે મોટા કુચ-કલશો હોવાથી, એની નીચે કંઇક તો આધાર હોવો જોઇએ, એમ આપણે અનુમાન કરી શકીએ ! ! [૬]

પ્રિયાજીને શ્યામ રેશમી કંચુકી ધરાવવામાં આવી. એના ઉપર મુકતા-હાર આદિ આભૂષણો પહેરાવ્યાં. આ કેવું લાગે છે ? વિદ્યુત ઉપર નીલમેઘ અને તેના ઉપર પાછી વિજળી ચમકતી હોય, એવી શોભા થઈ રહે છે. પ્રિયાજીનું વિદ્યુત સમું ગૌર વક્ષઃસ્થલ, તે ઉપર નીલ મેઘ સમી કંચુકી, અને તેના ઉપર મોતીના હાર આદિ અલંકારો ચમકી રહ્યા છે. [૮]

હે સુમધ્યમે ! સખિ ! આ રીતે કંચુકી અને અલંકારો પહેરાવતી એ ચતુર સહચરી પ્રિયાજીને, પ્રાપ્ત થનારા રીત-વિપરીત રમણસુખનું, હાવ-ભાવો દ્વારા ચતુરાઈથી સૂચન કરતી જાય છે. [૮]

પછી એણે સફેદ તથા પીત રંગનાં જૂઈ તથા માલતી આદિ નવીન પુષ્પો વડે સુંદર વેણી ગૂંથી દીધી અને બાજુમાં મોતીના ગુચ્છા ધરાવ્યા. [૯]

સહેજ વાંકું કસ્તુરી-તિલક (દીપ શિખાકૃત) કર્યું, એના ઉપર મણિ-મુકતાની બિંદી લગાવી. અને અલકાવલીમાં છૂટાંછૂટાં પુષ્પો પણ ગુંથી દીધાં. [૧૦]

આ શોભા કેવી હતી ? કેશપાશ તે જાણે ભ્રમરોનું ઝૂંડ, વચમાં સિંદુર પૂરેલો સેંથો, તે જાણે લાલ કેસર-રેખા અને છૂટાંછૂટાં ઝીણાં પુષ્પો તે વેરાયેલી મકરંદ-રજ. [૧૧]

અલિ સખી; આ મુકતાફલની શ્વેત દામણી નથી પણ ગંગાજીની ધારા છે; આ શ્યામ કેશપાશ નથી પણ શ્રી યમુનાજીનો પ્રવાહ છે. અને આ સિંદુરી રેખા નથી પણ પવિત્ર સરસ્વતી તીર્થ ! મુનિવર માધવના મિલનથી તો એ સકલ કામનાઓ પરિપૂર્ણ કરનારું બનશે. [૧૨]

સુવર્ણનાં મણિ-જટિત કુંડલ આદિ આભૂષણો ધરેલાં પ્રિયાજીના બંને કર્ણમાં, સખીએ એકેક નાનકડું સુંદર અરુણ પુષ્પ ધરી દીધું. જાણે ધનુષ્ય પર ચઢાવેલું કામદેવનું એકેક બાણ ન હોય ! (કર્ણ કુંડલ તે ધનુષ્ય અને પુષ્પ તે ચઢાવેલું બાણ.)

મને લાગે છે કે રાધાજીને નિરંતર નંદકુમારનું સ્વરૂપ અને લીલાઓની અમૃતસમી મધુર વાતોના રસનું કર્ણદ્વારા પાન કરવામાં જે ભારે અનુરાગ છે તે જ આ લાલ પુષ્પ રૂપે પ્રગટ થયો છે. (અનુરાગનો વર્ણ લાલ ગણાય છે.) [૧૪]

સખી ! એણે પ્રિયાજીના હસ્તમાં મુદ્રિકા આદિ વિવિધ આભરણો ધરાવ્યાં. પછી એ મૃગાક્ષીનાં બંને નેત્રકમલોમાં અંજનની બારીક રેખા કરી. [૧૫]

એ જાણે નેત્રો નહિ પણ કામ–નૃપતિનાં કુવલય–બાણો છે. વિધાતાએ એને અગ્રભાગમાં વક્ર બનાવ્યાં છે. એટલે વીંધ્યા પછી એ બહાર નીકળી શકતાં નથી. [૧૬]

એમને આંજેલા શ્યામ અંજન સમા શ્યામ સુંદર, પ્રિયાજીના નેત્રોમાં નિરંતર રમી રહ્યાં છે એ વાત આ અંજનરેખા જ સૂચવી રહી છે. [૧૭]

હે પ્રિય સખી, પ્રિયાજીએ વિચારેલું કે મારા નયનકમલમાં રસ ઘણો છે. તે બહાર વહી ન જાય તો સારું એટલે એમણે એની આસપાસ અંજનથી પાળ બાંધી પણ જરા ભ્રાન્તિથી ભૂલ થતાં પાળ સહેજ બાકી રહી ગઈ, એટલામાં તો એમાંથી સર્વ દિશાઓમાં કટાક્ષરૂપી સહસ્ર સરિતાઓ વહી નીકળી. (અર્થાત્ પ્રિયાજીના નયન–કમલોનો રસ, કટાક્ષો દ્વારા, સર્વત્ર પ્રસરી રહે છે.) અને એમ જ થાય, કેમકે કુટિલનો એ સ્વભાવિક ગુણ છે કે સામી વ્યક્તિ જરાપણ ભૂલે તો એનો ગેરલાભ લઈ જ લે. [૧૮]

અરી સખી ! પ્રિયાજીનાં, ખંજનને પણ જીતનારા આ અંજનયુક્ત નયનો, હરિના હૃદયમાં સદાયે રહેતી જે ચંચલતા, તેને ધારણ કરી રહ્યાં છે. (અર્થાત્ જેવું પ્રિયતમનું મન ચંચલ છે એવાં પ્રિયાજીનાં નેત્રો ચંચલ છે.) [૧૯]

સખી ! રાધિકાજીની કૃપાથી, એમના રૂપ અને અલંકારોનું અધિકાધિક વર્ણન કરવાનું સામર્થ્ય મારામાં છે, છતાં હું કરતી નથી. કેમકે પ્રિયતમના સમાગમની વાત કરવામાં એથી વિલંબ થાય, તે અસહ્ય છે. [૨૦]

સમગ્ર આભૂષણ ધરાવીને પછી પ્રિયાજીના કંઠમાં, ચંદન કુંકુમાદિથી શોભતી પુષ્પમાલા ધારણ કરાવી. [૨૧]

તે પછી સુંદર રંગીન બારીક ઉત્તરીય વસ્ત્ર (ઓઢણી) ઓઢાડી દીધું અને બરાસ–કસ્તુરી યુક્ત તાંબુલ આરોગાવ્યું. [૨૨]

પછી, પ્રિયાજી દર્પણમાં પ્રતિબિંબિત નિજ અનુપમ સ્વરૂપ નિહાળીને પરમ પ્રસન્ન થયાં અને નેત્રોમાં લજ્જાનો ભાવ પ્રગટયો. એટલે પોતાની સાડીનો પાલવ, અતિ કોમલ કપોલ ઉપર ઢાંકવા લાગ્યાં અને મંદ હાસ્ય કરતાં ખીલી ઊઠયાં. ત્યારે સખી એમને આ પ્રમાણે કહેવા લાગી. [૨૩]

## 卐 પ્રબંધ 卐

હે કમલ નયનિ, રાધિકા ! હે સુમુખિ ! તને મનાવવા માટે જેમણે બહુ બહુ પ્રયાસ કરેલા તે વ્રજરત્ન પ્રભુ અત્યારે કુંજમાં પધાર્યા છે, તો તું પણ ત્યાં જા. હે સુંદરિ ! તારું વિદ્યુત સમું રૂપ એ ઘનશ્યામને મળીને સફલ કર. (તુક–૧–૨)

આ અનુકૂલ મંદ પવન તને પ્રેષ્ઠના સમાગમ માટે પ્રેરી રહ્યો છે. તે વાયુ એમ પણ સૂચવે છે કે 'ગાઢ અંધકારમાં મારી જેમ જ મંદમંદ પગલાં ભરતી તું ચાલ.' (૨૩)

આ કોકિલારૂપ દૂતી પણ 'કુહૂકુહૂ' કરતી, મોટેથી ટહૂકા પાડતી તને બોલાવી રહી છે અને અભિસાર માટે આ સમય પરમ અનુકૂલ હોવાનું સૂચવી રહી છે. (૨૫)

હે સુમુખિ ! આ અંધકાર શું છે, તે તું જાણે છે ? (વિયોગી) યુવક–યુવતીઓના હૃદયને વિદારણ કરવા માટે, કામદેવે છોડેલા અલૌકિક નીલકમલ–બાણોની આ પરંપરા છે. (અર્થાત્,) અધંકાર યુવજનોનાં હૃદયને ઉત્તેજિત કરી પ્રિય મિલન માટે તલસાવે છે. તને પણ અત્યારે આ અંધકારમાં આવી જ કામ–પીડા થતી હશે (૨૬)

અથવા તો દિશાઓ રૂપી રમણીઓ પ્રિયતમ ચંદ્રને મળવા જાય તે પહેલાં સખી રજનીએ (રાત્રિએ) તેમનાં નેત્રોમાં આંજવા માટે જાણે, અંધકારરૂપી અંજન તૈયાર કરીને, આ વૃંદાવન ધામરૂપી પાત્રમાં ભરી રાખ્યું હોય એમ લાગે છે. (ચંદ્રોદયની પૂર્વાવસ્થા તે આ અંધકાર. દિશાઓ રૂપી તરુણીઓ મોટી હોવાથી અંજન પણ ઘણું જોઈએ. આ અંધારી રાત, અંધકાર રૂપી અંજન તેને માટે તૈયાર કરે છે.) (૨૭)

રાધે ! આ સૌ સખીઓએ જાણી લીધું છે કે, તારું અંગેઅંગ સુરત–સંગ્રામ માટે તત્પર બનેલ છે. તો હવે સંકોચ શા માટે ? લજ્જા-ભય છોડીને ઉત્સાહપૂર્વક આગેકૂચ કર. (સંગ્રામ માટે તત્પર બનેલ કોઈ વીર નારીને લજ્જા ભય, સંકોચ હોય ખરો કે ?) (૨૮)

તારાં નૂપુર અને કટિમેખલા દ્વારા ડિંડિમ-નાદ કરતી તું માધવવર પ્રતિ પ્રયાણ કર અને કંઈક સંકોચેલાં તારાં અણિયાળાં નયનનાં કુટિલ કટાક્ષ શરો વડે એમને જીતી લે. (૨૯)

પ્રિય સખી ! જ્યારે તું શરમાતી, હસતી અર્ધી નીચી દૃષ્ટિ કરીને ઊભી હોઈશ ત્યારે, કામવશ ચપલ બનેલા પ્રિયતમ તારું ચિબુક (હડપચી) પકડીને સહેજ ઊંચે કરીને અધરોષ્ઠને સંકોચીને ઉચ્ચ સ્વરે તને ચૂમી લેશે. (આ ધન્ય ઘડી માટે તું ઉતાવળ કર. (૩૦)

### સાતમો ઉલ્લાસ સમાપ્ત

---



## 卐 આઠમો ઉલ્લાસ 卐

હવે પ્રિયાજી કુંજ–દ્વારે આવી પહોંચ્યાં કટિમેખલામાં જટિત રત્નોથી અને કર્ણફૂલના હીરાના તેજથી કુંજ પ્રકાશિત થઈ છે. [illegible] પ્રકાશમાં એમણે નિજ પ્રિયતમને નિહાળ્યા પરંતુ લજ્જિત થતાં સંકોચ સાથે દ્વાર આગળ ઊભાં રહી ગયાં. સખી એમને કહે છે : (૧

હે રાધિકા ! મદન–નૃપતિનું આ રાજ–મંદિર છે. પુષ્પ–પલ્લવો વડે ચારે બાજુથી સુશોભિત [illegible] કોકિલનાદનું મધુર સંગીત રેલાઈ રહ્યું છે. સખી ! તું અંદર જા અને પ્રાણેશને મળ. (૨

હે નિતંબિની ! વિદ્યુત–તેજસ્વી ગૌર ઘન જ ઘનયુક્ત પ્રિયે ! વિવિધ પુષ્પોથી રચિત, સ્વચ્છ વિસ્તૃત કુસુમ–શય્યામાં ચિરકાલ પર્યંત વિલસ. (૩)

પ્રિયતમને એકી ટશે નિરખતાં, પ્રિયાજીનાં નયનો વિકસિત બન્યાં છે. તે જોઈને સખી કહે છે :) ઓ વિશાલ-લોચની ! કોકિલ–કલરવથી ગુંજતી આ કુંજમાં કમલનયન હરિવરને સુખદાન કરવા તારો ગૂઢ રસ પ્રગટ કર. (૪

હે અંબુજનયની ! તું શું જોઈ રહી છે ? કામદેવ સમા સુંદર નંદનંદન, ચિરકાલ પર્યન્ત તારું ચિંતન કરતાં તારા જેવા બની ગયા છે. એથી તું ભ્રમમાં કેમ પડે છે ? (૫)

ઓ મુગ્ધ–નયને ! સર્વ રસયુક્ત તારો હૃદયનો ભાવ જ શ્રીકૃષ્ણ રૂપે અહીં પ્રગટ છે. (એટલે તે તને તારા જેવા ભાસે છે.) તું જઈને આ તારા ભાવ સ્વરૂપને હૃદયમાં પધરાવી લે. (૬

(હરિગીત-છંદ)

પછી અર્ધ નમતાં મર્મમાં,
આનંદ વિપુલ થતાં [illegible]
સ્મિત હાસ્ય નયન કટાક્ષમય,
નૂપુર—પ્રકર ઝંકાર :

હરિ તણા તે સ્થાનમાં;
જ્યાં મત્ત મધુકર ગૂંજતા,
ત્યાં પ્રિયતમા શું પ્રવેશતાં!

(સખીનાં વચનો શ્રવણ કરીને) પ્રિયાજીએ નિકુંજમાં પ્રવેશ કર્યો – એ કુંજ કેવી હતી? આનંદભીના, રોમાંચિત અંગવાળા, શ્રીહરિનું એ નિવાસ–સ્થાન! ચારે બાજુ પ્રસરેલી સુગંધથી મસ્ત બનેલા ભમરાઓ ત્યાં ગૂંજી રહ્યા હતા. (૭)

પ્રિયાજીનાં સંકોચથી અર્ધાં નમેલાં નયનો, હવે આનંદથી હસતાં, વિકસિત થતાં, કટાક્ષો ફેંકતાં પ્રિયતમને નિરખી રહ્યાં હતાં. પ્રિયાજી કુંજમાં પ્રવેશ્યાં અને નૂપુરનાદથી કુંજ ગાજી ઊઠી.

(છંદ અનુષ્ટુપ)
આનંદ–સિંધુના પૂરે, તરંગ–રોમ ધારતા,
રાધામાં લુબ્ધ મન આ, કેવા માધવ દીસતા (૮)

પ્રિયના હ્રદયમાં, આનંદસાગર છલકાયો, રોમાંચ રૂપી તરંગો (મોજાં) અંગ અંગ પર ઊછળ્યાં. હ્રદય તો રાધામાં એકતાન બની ગયું હતું. આવા હરિવરને નીરખ્યા. (૮)

પ્રથમ મિલનની પ્રીતિ છે. પ્રિયતમનાં રોમ રોમ, આલિંગન માટે એવાં અધીર બની ગયાં કે તેમનામાં અહમહમિકા ચાલી! (પ્રત્યેક રોમ, "હું પહેલું મળું" એમ ઇચ્છતું, ખડું થઈ ગયું.) આવા મનોહર અને આતુર પ્રિયતમને પ્રિયાજીએ નયનો ભરીને નિહાળ્યા. (૯)

એ રોમાંચ કેવાં હતાં? જાણે પ્રિયાજીની દૃષ્ટિ રૂપી અમૃત–વૃષ્ટિથી ઊગી નીકળેલા, એ મદનના અંકુરો ન હોય! રાધાજીના હ્રદય પ્રતિ વહેતી એ રસ-ધારાઓ ન હોય! (૧૦)

અરે, પ્રિયતમના અંગ અંગમાં બિરાજેલી પ્રિયાને, અંદરથી બહાર પધારવાનો માર્ગ બના- [illegible], આ [illegible]સમૂહ જાણે આગળ આવીને ઊભો ન રહ્યો હોય! (૧૧)

શ્રી રાધાએ શ્યામને ક્ષણવાર સ્તબ્ધ બની ગએલા જોયા. એમ કેમ? એમનો નૂપુર–નાદ, મોહક મંત્રની જેમ પ્રિયતમને મોહ-નિદ્રામાં નાખી રહ્યો હતો!

આવા સ્મર–તરુ જેવા, સ્થિર પ્રભુ! કેશ જાણે એ કામ–વૃક્ષનાં કુસુમો! પ્રેમ–પુષ્પ–ગુચ્છો તો અંદર સમાએલા હતા. આવા શ્યામસુંદરને પ્રિયાજીએ જોયા. (૧૨)

રાધા–મુખ–શશિના આકર્ષણથી શ્યામના સૌન્દર્ય–સાગરમાં ભરતી ચઢી છે (પ્રસન્ન પ્રભુ અધિક શોભી રહ્યા છે.) પણ મને લાગે છે કે હજુ તે ઓછું છે: કેમકે છીછરા જળમાં જેમ મત્સ્ય ઊછળે, તેમ આપશ્રીનાં નયનો પ્રિયાજીને નિરખવા ઊછળી રહ્યાં છે. (૧૩)

હે સુંદરી! શ્રીકૃષ્ણના કર્ણ–યુગલમાં મીનાકૃતિ કુંડલ ઝળકી રહ્યાં છે. તે કેવું લાગે છે? જાણે કે પ્રભુના કર્ણ તો રાધાજીના ગુણ–શ્રવણ–રસથી ભરાએલાં સરોવર! હવે એના પર પ્રિયાજીની દૃષ્ટિ રૂપી અમૃત–વૃષ્ટિ થઈ એનાથી એ સરોવર છલકાયાં. એમાંથી કુંડલ રૂપી માછલાં, બહાર આવ્યાં. પણ તે સરોવરને છોડી શકે તેમ નથી. એટલે એને વળગીને લટકી રહ્યાં છે. (આવા પ્રાણેશને પ્રિયાજીએ નિહાળ્યા.) (૧૪)

પ્રિયતમનાં કુંડલ ડોલી રહ્યાં છે, એનું કારણ કલ્પે છે. એ બન્ને કુંડલ રૂપી મત્સ્ય, ગુણ–સરોવરમાંથી બહાર આવીને, બહારના રૂપ-સરોવરને જોઈને આકર્ષાય છે. પરંતુ, સ્નેહની અધિકતા ગુણમાં રહેલી છે, એમ વિચારતાં એ ગુણ–સરોવરને જ છેવટે વળગી રહે છે. આ દ્વિધામાં તે ડોલી રહ્યાં છે. (૧૫)

હવે બીજું કારણ કલ્પે છે. આ કુંડલ કેમ અહીં લટકે છે? રાધાજીના ગુણ પ્રિયતમના કર્ણમાં પ્રવેશ પામતાં સાથે સાથે કામદેવ પણ પ્રવેશ કરે છે. પરંતુ, કામદેવનો ધ્વજ (જેમાં મકર હોવાથી કામદેવ મકરધ્વજ કહેવાય છે તે) અંદર નહિ જઈ શકવાથી, બહાર લટકી રહે છે. (૧૬)

પ્રિયાજીએ પ્રિયતમને નિહાળ્યા! આપના નીલમણિશા વક્ષઃસ્થલમાં વિવિધ વર્ણોનાં પુષ્પોનાં પ્રતિબિંબની ઝાંઈ દેખાય છે. અંગ અંગ અતિ સુંદર મનોહર છે, રાધાસુખદર્શને ઉરમાં અલૌકિક અનંગ પ્રગટ્યો છે, એવા નિહાળ્યા. (૧૭)

વળી, રાધાજીના અંગવર્ણ સમું પીળું રેશમી પીતાંબર ધરેલા, જાણે એ વસ્ત્રને મિષે એમને આલિંગિત ન થયા હોય! આવાં પ્રિયતમને એમણે નિહાળ્યા! સખી! વિશેષ શું કહું? પોતાના જ હ્રદયની 'પ્રણય–મૂર્તિ' પોતાનું રસ–સર્વસ્વ, એવા પ્રાણેશને પ્રિયાજી નિરખી રહ્યાં છે. [૧૮]

હવે રાધા, સૂચક દૃષ્ટિથી પ્રાણેશના વદન–ચંદ્ર પ્રતિ અનિમેષ જોવા લાગ્યાં. (એમના મનોભાવને સમજી લઈ) ચતુર સખીજન હસતી હસતી ત્યાંથી સરકી જાય છે. અરે! પ્રિયાજીની લજ્જા અને સકલ સંકોચને પણ જાણે એ સાથે લેતી જાય છે! (૧૯)

(વારણીનો શ્લોક) પૂર્વનાં પૂરાં પુણ્યોને લીધે પ્રાપ્ત થયેલા, પ્રિયતમના આ પરિરંભણમાં, જો કોઈ અંતરાયો આવે તો સમર્થ વિભુ તેને સત્વર દૂર કરો. (સખીજન આવી અભ્યર્થના સાથે જાય છે. (૨૦)

ઉલ્લાસ આઠમો સમાપ્ત

---



## નવમો ઉલ્લાસ

(અનુષ્ટુપ)
તરંગો સ્મરસિંધુના, ઊછળે છે પ્રિયા–ઉરે;
જોતા તે, વદના વ્હાલા, શય્યા માંહે પ્રવેશવા–૧

શ્રીકૃષ્ણ અવલોકે છે કે, પ્રિયાજીના અંગ અંગમાં અનંગનો [illegible] સાગર ઊછળી રહ્યો છે. તેના તરંગો સાથે તેમની લજ્જા વહી ચાલી છે. વિકસિત નેત્રોથી રાધા સુખદ શય્યા પ્રતિ મીટ માંડી રહ્યાં છે. હવે [illegible] પ્રિયાજીને આ પ્રકારે કહેવા લાગ્યા. (૧

હે કામિની! [illegible] અંગમાં પ્રગટેલાં અનંગ–અનલને બુઝાવવા, આ શીતલ કુસુમ–ભૂમિ અર્થાત્ પુષ્પશય્યા તૈયાર છે. તેમાં [illegible] પ્રેમરસભીનાં તારાં નયન–કમલના [illegible] વડે આ કામાગ્નિને બુઝાવ. (૨)

હે હંસગામિની, તારા ચરણ–કમલની કોમલતાથી આ પુષ્પ–શય્યા જીતાએલી છે જ, પરંતુ તારાં ચરણ પુષ્પશય્યામાં ધરીને એને પરાજયનો પ્રત્યક્ષ અનુભવ કરાવ. (૩)

હે પ્રાણપ્રિયે! તારા હ્રદય રૂપી કમલના વિવિધ ભાવો [illegible] જાણે રચી હોય, [illegible] આ કુસુમ–શય્યામાં બિરાજીને તું વિલસ–તારા [illegible] તો આ પુષ્પો [illegible]! (૪)

[illegible]! [illegible] દૂર થવાં, મુજ ઉરઃસ્થળ [illegible] તારી ઘૂઘરીઓથી કટિમેખલાના મધુર ઝણકાર સાથે તારા મધુર વચનોના [illegible] (૫)

[illegible] પ્રાણપ્રિયે! [illegible] તન સંભાળવા માટે [illegible] કર્યો છે તેને લીધે, [illegible] પ્રાપ્ત [illegible]
(૬)

હે રાધે, આવો હું તારો જ છું અને તું મારી જ છે, એ નિઃસંશય છે. તારે માટે હું પ્રગટયો છું અને મારે માટે તું પ્રગટ થઈ છે. (૭)

પ્રિયે! હવે તું ક્ષણમાત્ર પણ દૂર રહે તે મારું હૃદય સહી શકતું નથી. જોને હૃદયની આતુરી આ યુગલ કલશમાં થઈને (પ્રસ્વેદ રૂપે) બહાર આવી રહી છે–સાથે રોમાંચ રૂપે પણ!

( ગીતિ છંદ )

રસમય સુંદર વપુ આ, પાલવથી ન
તું ઢાંક જ મુગ્ધાક્ષિ!
કનકમય ગિરિ, પરાગે–નહિ ઢંકાયો
બને, સખી! કદાપિ.

(હવે લજ્જાવશ શ્રી સ્વામિનીજી, પાલવ વડે ઉરઃસ્થલને આચ્છાદિત કરે છે.) પ્રભુ કહે છે: ઓ મુગ્ધલોચની! રસમય ઉન્નત અંગોને ફૂલ ભરેલા પાલવ વડે ઢાંકીશ મા; સુવર્ણના પર્વતો, પુષ્પ–પરાગ વડે ઢંકાએલા કદી જાણ્યા છે? (૯)

પ્રિયે! મુજ અધરામૃત વડે, તારા અન્તરને રસમય બનાવ. અંગ–સ્પર્શ દ્વારા બાહ્ય અંગોમાં રસ–સિંચન કર. આમ આન્તર બાહ્ય તાપને દૂર કરીને, ચિરસંચિત મનોકામનાને પૂર્ણ કર. (૧૦)

(પ્રિયની વિનંતિ પ્રિયાજીએ સ્વીકારી પછી શું? સખી નિજ સખીને કહે છે:)

(છંદ–શાર્દૂલ વિક્રીડિત)

ગાઢાશ્લેષ કટાક્ષ, મુક્ત સ્મિતને દંતક્ષતો લાગતા,
સીત્કારો, નખદાન, પાન રસનું, બંને કપોલો યથા,
હું અમૃત કેરું પાન થતું ત્યાં યુગ્માધરોનું તથા,
રે વેગ વિલાસનો વળી મચે, ને ચ્રાસનો લાસ્યનાં.

(હવે વિપરિત રમણનું સૂચન કરે છે.) શ્યામા આમ રતિરસ તત્ત્વને જાણે છે. "तत्त्वमसि" આદિ રતિ વિષયક શ્રુતિઓ છે, તદનુસાર બન્ને સ્વરૂપો પરસ્પર તદાત્મક થઈ ગયાં છે. એક બીજાના સ્થાનને પ્રાપ્ત થયાં છે. રસના આધિક્યમાં શ્રી સ્વામિનીજીમાં આવો પુરુષભાવ પ્રાપ્ત થવો સહજ સ્વાભાવિક છે. (૧૧)

રાધાજી રતિ–રણમાં શૂરાં બન્યાં છે. સુરત–સંગ્રામ જામ્યો છે. મન્મથ રૂપ શ્રી કૃષ્ણ નખ–બાણોની વૃષ્ટિ કરે છે; તેને આનંદથી ઝીલતાં રાધાજી, રોમાંચિત બની, સીત્કારો રૂપી જયનાદ કરી રહ્યાં છે! વીરાંગના રણસંગ્રામમાં કંઈ બાણ–વૃષ્ટિથી ડરે નહિ; તે તો અધિક ઉત્સાહિત થઈ એને ઝીલે અને ગર્જી ઊઠે!) (૧૩)

હે મૃગલોચની સખિ! યુગલ સ્વરૂપ એક બીજામાં તન્મય બની ગયાં. શ્રી કૃષ્ણ માને છે કે હું રાધા છું; રાધાજી માનવા લાગ્યાં કે હું કૃષ્ણ છું. પરંતુ, આમ થયા પછી વળી બીજો પલટો આવ્યો. રસના અતિરેકને લીધે, શ્રી કૃષ્ણ રાધામય બનીને પાછા કૃષ્ણનું ચિંતન કરવા લાગ્યા; અને રાધજી કૃષ્ણમય બનીને રાધાનું ચિંતન કરવા લાગ્યાં.

એમાં એવી તન્મયતા થઇ ગઇ કે કૃષ્ણ કૃષ્ણ બની ગયા અને રાધાજી પાછાં રાધા બની ગયાં. મૂળ સ્થિતિને બંને પ્રાપ્ત થયાં. (અર્થાત્ વિપરીત રમણ પૂરું થઈ ગયું.) (૧૪)

ઉભયનાં શ્રીઅંગ પ્રસ્વેદથી ભિંજાએલાં લાગે છે. એ પ્રસ્વેદ શું? રાધા-માધવ રૂપી બે રસ–સમુદ્રોનો સંગમ થયો. ત્યાં વિલાસ રૂપ તરંગો (મોજાં) ઊછળ્યાં. ત્યાંથી રસ–જલનાં શીકરો બિંદુઓ ઊડયાં, તે જ આ પ્રસ્વેદ બિંદુઓ છે, હોં! (૧૫)

શ્રીકૃષ્ણનાં નેત્ર–કટાક્ષોના રસ–સાગરમાં ડૂબેલાં રાધાજી, સાથે સાથે પ્રિયના આલિંગનરસસિંધુમાં પણ મગ્ન થાય છે. શું આ આશ્ચર્ય નથી? (૧૬)

હે સખિ! અગાધ ભગવદ્રસને સમુદ્રની ઉપમા આપવી તે પણ યોગ્ય નથી; કેમકે, સમુદ્ર અવધિયુક્ત છે. જ્યારે ભગવદ્રસ તો નિરવધિ છે. (૧૭)

પ્રિય સખિ! પ્રિયાજી અને પ્રિયતમ પોત-પોતાના નિરવધિ રસથી ભરેલાં હતાં. તદુપરાંત એક બીજાના રસથી પણ પૂર્ણ થયાં. એમને કેવો રસાનુભવ થયો તે હું કહી શકતી નથી. તે અતિ અદ્ભુત છે! (૧૮)

આમ રમણ કરતાં કરતાં, પ્રાણનાથ પ્રિયાજીને અધીન બની ગયાં. હવે એ સ્વાધીનભર્તૃકા રાધા, આનંદિત બનીને, મધુર વચનથી પ્રિયતમને કહે છે, "પ્રિય! મારા આ બધા વિખરાએલા શૃંગાર, આપને હસ્તે જ, મને ફરી ધરાવો." (૧૯)
હે માનદ! કેશપાશમાં ખરી ગએલાં પુષ્પો ફરી ગુંથો. લુછાઈ ગયેલી કેશર–કસ્તૂરીની રેખાઓ (કપોલ ઉપર) ફરીથી રચો. (૨૦)

હે કમલનયન! લલાટ ઉપર કસ્તુરી અને મુક્તાફલા વડે, જેમ ઘનમાં વિદ્યુત્ શોભે તેમ, સુંદર ચંદ્રક (ચાંદલો) કરો. (૧૨)

આલસ્યભરિત નેત્રોવાળા ઓ પ્રિયતમ! તમારા આલિંગન–રસ રૂપી અમૃત ભરેલા કુચ–કલશો ઉપર કસ્તુરી વડે પત્રરચના કરો. (પત્ર=પાંદડાંનું ચિત્ર) આ કલશો તો તમારા કર-કમલનું વિશ્રામસ્થાન છે. [૨૨]

હે મુગ્ધલોચન! આ કર્ણયુગલ આભૂષણોથી કેવું મનોહર લાગે? એમાં નૂતન પ્રકારનાં કુંડલો હવે ધરાવો. નાનકડાં પુષ્પો પણ ત્યાં શોભાવો. [૨૩]

હે કામદેવના ગર્વને હરનારા! વિકસિત કમલ સમાં લોચનવાળા પ્રિયતમ! આ કપોલ, તમારો અરુણ અધરરસ લાગવાથી લાલ ચિહ્નવાળાં બન્યાં છે. તમારા નિષ્કલંક મુખ–ચંદ્રનું પ્રતિબિંબ મારા કપોલ રૂપી દર્પણમાં પડવા દો. એટલે આ કપોલના ડાઘ એમાં ભળીને, તે ખરેખરા સકલંક ચંદ્ર સમાન દેખાશે. (૨૪)

(છંદ–વસંતતિલકા)

ત્વચ્ચુમ્બનામૃત સરોવર – સ્નાન વેળા,
ધોવાયું અંજન શું, લોચન કેરું મારું,
ઓ શ્યામ! ફેર રચી દો મુજ નેત્ર ભૃંગે,
રૂડી રસે ભરી મનોહર શ્યામ રેખા.

હે નાથ! તમારા ચુમ્બનામૃતના સરોવરમાં સ્નાન કરતાં, મારા નયન રૂપી ભ્રમરોનું શ્યામ અંજન ફેલાઇ ગયું છે–નયનોની આસપાસ અંજનના ડાઘ પડયા છે. તેને ધોઇને ફરી અંજન આંજો. પ્રિયતમ, આપ જેવા સુંદર શ્યામ છો તેવી જ શ્યામ સુંદર રેખા, આપના રસામૃતથી ભીંજવીને કરો. (૨૫)

હે અંગ! આપના પીતાંબર વડે નીવિ રચીને મને પહેરાવો અને યુગલ નિતંબ પર, કામદેવનો જયનાદ કરતી, કટિમેખલા પણ ફરી ધરાવો (૨૬)

હે પ્રિય! ચરણોમાં એવાં નૂતન નૂપુરો ધરાવો કે જેના ઘૂઘરીઓના ઘમકાર વડે હું રતિપાતને જીતી લઉં. પછી ત્યાં આંગળીઓમાં અન્ય આભરણો (બિછુવા, પગપાન, આદિ) ધરાવો. પછી મેંદી વડે સુંદર ચિત્રરચના કરો. (૨૭)

(હવે સખી સખીને વાત કહે છે) હે સુમુખિ! આમ પ્રિયાજીના કહેવા પ્રમાણે પ્રિયતમ એવા અદ્ભુત શૃંગાર ધરતા ગયા કે જેના સૌંદર્યની કલ્પનાયે ન થઇ શકે! સખિ! રાધાજીને વશ થયેલા શ્રીકૃષ્ણે જ્યાં જ્યાં જે જે શૃંગાર ધરાવ્યા તે મનથી અત્યંત ભાવપૂર્વક ધરાવ્યા. (તેથી રાધાજી અતિ અધિક શોભવા લાગ્યાં.) (૨૮

**ઉલ્લાસ નવ સમાપ્ત**

# 卐 દશમો ઉલ્લાસ 卐

હે સુમુખિ! હવે રાધા-દેવી માધવ-મુનિવર ઉપર અતિ પ્રસન્ન થયાં, લાંબા સમયથી તેમણે કરેલી પોતાની ઉપાસનાને વશ થઇને વરદાન આપ્યું. શું આપ્યું? પોતાનું જે કંઇ હતું તે સર્વસ્વ; રસ-સર્વસ્વ, અને પછી તેમને વશ થઈ ગયાં. (જેમ કોઇ મુનિવરની ઉપાસનાથી દેવી પ્રસન્ન થાય અને માગેલું સર્વસ્વ આપી દે તેવું થયું.) પછી પ્રિયતમના શ્રીકંઠમાં હસ્ત ધરીને, એમને શૃંગાર ધરાવવાની પોતાની ઇચ્છા દર્શાવી (૧)

(છંદ—અનુષ્ટુપ)

રાધા :—રચું હું તમ શૃંગાર, અહો પુરુષ—ભૂષણ!
શ્રીકૃષ્ણ :—મુગ્ધાક્ષિ! ચિર ઇચ્છેલો,
સ્વવેષ મુજમાં ધર.

(ભાવાર્થ) એમણે કહ્યું : "હે પુરુષભૂષણ! હવે હું તમને શૃંગાર ધરાવું!" શ્રીકૃષ્ણ કહે છે "હા, મુગ્ધાક્ષિ! પ્રિયે! મને ઘણા સમયથી એવી ઇચ્છા છે. તું તારો વેષ મને પહેરાવ." (૨)

આમ કહેતાં રાધાજીએ વિવિધ પુષ્પો વડે પ્રભુની વેણી ગૂંથી. બન્ને કર્ણમાં ચંપકપુષ્પનાં કુંડલ ધરાવ્યાં, બન્ને કપોલમાં કુંકુમ—કેશર વડે ચિત્ર બનાવ્યાં. જેને કપોલ-મંડન કહે છે, અને પછી વાંકુ દ્વિ—રેખ તિલક કરી, તેમાં પોતાના જેવી મુક્તાફલની બિંદી લગાવી. (૩)

કેશપાશની મધ્યમાં, રચેલા સેંથામાં મોતીનો હાર બાંધીને, તેની આગળ સુવર્ણનું હીરાજટિત પદક લટકાવ્યું. (દામણી અને ટીકો) (૩)

વસંતતિલકા છંદ

આંજી સુનેત્ર મહીં અંજન, રમ્ય ઝીણી
રેખા કરી સ્વ—શણગાર ધરે મૃગાક્ષી.

પછી એ મૃગનયનીએ પ્રિયતમના નયનોમાં અતિ સુંદર બારીક અંજન—રેખા કરી અને ચંદન ચર્ચિત શ્રીકંઠમાં પોતાનાં કંઠાભરણો પણ ધર્યાં. ત્યારે પ્રિયતમના મનોહર મુખચંદ્રમાંથી સ્વાભાવિક મંદ હાસ્ય પ્રગટી રહ્યું હતું. (૫)

અને પ્રાણપ્રિયાના હસ્તકમલનો સ્પર્શથી પ્રભુનું વિશાળ ઉન્નત વક્ષઃસ્થલ રોમાંચિત બની રહ્યું હતું. તેમાં પ્રિયાજીએ કેશર વડે ચિત્ર-રચના કરી. (૬)

ઉરઃસ્થલમાં ચિત્રની એકાદ રેખા કરે છે અને તેનું સૌંદર્ય જોતાં પ્રિયાજી વિસ્મિત થાય છે. વળી પાછી બીજી રેખા કરે છે અને મોહિત થાય છે. એમના આ મનોભાવ જોઈને એમને (સખીજનને) પણ આશ્ચર્ય થયું. (૭)

પછી, પોતાની નીવિ પ્રિયતમને પહેરાવી. તેના પર ધમકતી ઘૂઘરીઓવાળી કટિમેખલા બાંધી પોતાના હસ્તનાં આભૂષણો પ્રિયતમના હસ્તમાં પહેરાવ્યાં, અને ઉર ઉપર સરસ સાડીનો પાલવ ઢાંકી દીધો.

પોતાનાં નૂપુર પહેરાવવાથી મનોહર લાગતા પ્રિયતમના ચરણ-પલ્લવમાં તથા અંગુલિઓમાં પણ સુંદર આભૂષણો ધરાવ્યાં. માત્ર મેંદી મૂકવાની બાકી રાખી, કેમકે પોતાના કુમકુમની શોભા ત્યાં હતી જ. (૯)

ત્રિભુવન—સુંદર ગોવિંદને આ ગોપ—સુંદરીનો વેષ જાણે સહજ—સ્વાભાવિક હોય, એવો જ લાગતો હતો, અને લાગે જ, કેમકે એ એમના જ પ્રાણ-પ્રેષ્ઠ છે! (એમનામાં જ તન્મય બનેલા છે, એટલે વેષ પણ પ્રિયાજીનો જ શોભે ને!) (૧૦)

ત્યારે રાધાજી પૂર્વ-વિલક્ષણ (એટલે પહેલાં કરતાં જુદા) એવા પ્રિયતમના પ્રત્યેક અંગને નિરખતાં, એવાં રસમગ્ન બની જતાં કે બીજું બધું જ વિસરી જતાં હતાં. હરિવર પણ રાધાના તેજસ્વી કપોલ રૂપી દર્પણમાં નિજ રૂપનું-પ્રતિબિંબ જોતા હર્ષ—ઘેલા બની રહ્યા હતા. [૧૧]

અને એ કામભાવયુત પ્રાણેશે, પોતાના સ્વરૂપમાં જેનું મન પ્રવેશી ગયું છે, એવાં એમનો કેશપાશ ગ્રહીને ચૂમી લીધાં ત્યારે તો તત્ક્ષણ રોમાંચ થઈ આવ્યાં. [૧૨]

આમ થતાં પ્રિયાજી તલ્લીનતામાંથી જાણે જાગ્યાં. લજ્જાપૂર્વક અને મંદહાસ્યથી વિકસિત નેત્રો વડે, પ્રિયનું મુખ નિરખતાં હર્ષિત બનેલાં તે પ્રેમભર્યાં કહેવા લાગ્યાં કે, [૧૩]

"હે માધવ! મન-વાણીથી અગમ્ય તમારા આ સ્વરૂપનું હું શું વર્ણન કરું? અરે, પ્રત્યેક અંગ હેલે ચઢેલા સહસ્ર સૌંદર્ય—સમુદ્ર સમું શોભી રહ્યું છે, હોં!" [૧૪]

"હે પ્રિય! તમારા મુખને અત્યારે કવિજન શાની ઉપમા આપી શકે? તમારા મુખની સામે જ આ કૂચ—ચક્રવાકો સાથે સાથે રહેલાં છે. એટલે મુખને ચંદ્ર કેમ કહી શકાય? (કેમકે ચંદ્રનો ઉદય થતાં ચક્રવાક—યુગલ વિયોગ પામે છે) વળી, મારાં નેત્ર રૂપી પોયણાં (કુમુદો)ને આનંદ આપે છે માટે તે સૂર્ય પણ નથી! (કુમુદોને સૂર્ય પ્રિય નથી) વળી મારા મુખચંદ્રને જોઈ ને તમારું મુખ આનંદિત થાય છે, માટે તે કમલ પણ નથી. (કમલ ચંદ્રને જોઇને ન ખીલે) ત્યારે તે છે શું? હે પ્રિયતમ! ખરી વાત તો એ છે કે મારું ચિર—સંચિત ભાગ્ય જ તમારા મુખ રૂપે પ્રગટ થયું છે (અર્થાત્ પરમભાગ્યે કરીને જ તમારૂ મુખ—દર્શન મને પ્રાપ્ત થાય છે) આવું મને તો લાગે છે. [૧૫]

છતાં હે પ્રાણેશ! આ મુખ વસ્તુતઃ છે શું તે નક્કી થતું નથી પણ અનુમાન થાય કે મારાં નેત્રરૂપી કુમુદો આપના મુખચંદ્રને જોઇને વિકસે છે માટે તે ચંદ્ર હોય! અથવા મુખમાંથી



વચનામૃત રૂપી મધુર મકરંદ પ્રગટે છે એટલે તે સુંદર કમલ હોય, અથવા એ લાવણ્યરૂપી અમૃતનું સરોવર પણ હોય કેમકે એમાં આપનાં નયન—કમલો ખીલી રહ્યાં છે! અથવા તો સમસ્ત સૌંદર્ય-રસનો સંચય પણ કેમ ન હોય! [૧૬]

અહો પ્રિયતમ! તમારા વદનને અત્યારે સુંદર યુવતીનું મુખ કહું કે પુરુષવર્યનું કહું? બંને પ્રકાર પ્રમાણરૂપ છે! (પુરુષ-ભૂષણ તરીકે આપનું શ્રીમુખ અમારું સ્ત્રી—જનોનું—ગોપીજનોનું—આકર્ષણ કરે છે, એ અનુભવની વાત છે, તેમજ યુવતી વદન સૌંદર્ય અત્યારે તમારા શ્રીમુખમાં દેખાઇ રહ્યું છે કેમકે વ્રજાંગના—વેષમાં તમે તદાકાર બની ગયા છો! [૧૭]

હે પ્રિય! હું ખાત્રીપૂર્વક કહું છું કે મારું હૃદય જ આપના વદન રૂપે પ્રગટ થયું છે, બીજું કંઈ નહિ. નહિતર, મારો વેષ આટલી સ્વાભાવિકતાથી આપને કયાંથી શોભે? [૧૮]

પ્રભુ? આપ આ સ્ત્રી-વેષમાં જ લલિત ત્રિભંગ રૂપ ધરીને જો વેણુમાં મધુર ગાન કરશો તો પુરુષોને પણ અમર્યાદ સ્ત્રીભાવ પ્રગટ થશે. કેમકે આપ સ્ત્રીભાવમય બની ગયા છો અને એ ભાવ વેણુ દ્વારા પુરુષોના હૃદયમાં પ્રવેશીને, એમને પણ સ્ત્રીરૂપ બનાવી દેશે.) [૧૯]

પ્રાણેશ! આપ યુવતી—વેષમાં છો તો પણ આપનાં અમર્યાદ નયન—કટાક્ષ રૂપ મદન—બાણો મને વાગી રહ્યાં છે અને મારા વિવેક, લજ્જા અને ધૈર્યને હણી રહ્યાં છે. (વસ્તુતઃ તો સ્ત્રીથી સ્ત્રી મોહિત ન થાય, છતાં આમ થાય છે. એટલે લાગે છે કે આપ ઉભય રૂપ છો.) [૨૦]

આમ એક પછી એક શ્રી રાધાનાં વચનામૃત શ્રવણ કરતાં મનમાં પ્રગટ થતા ભાવોને લીધે મંદમંદ હસતા પ્રિયતમે નિજ અર્ધાંગનાને ગાઢ

આશ્લેષ કરી દીધાં. પ્રિયાજી પણ ઉત્કટ ભાવને લીધે અધીરાં બનેલાં હતાં. [૨૧]

પ્રાણનાથના અધરામૃતરૂપી મધુર રસાસવના ઘેનમાં મસ્ત બનીને, ચિર સમય પર્યંત પ્રિયાજી એમની સાથે ખેલ્યાં. હે સખિ ! રતિરસમાં લુબ્ધ બનેલાં એ બંનેએ ત્યારે કેવો સુખાનુભવ કર્યો તે તો એ જ જાણી શકે ! (૨૨)

પછી શ્રીકૃષ્ણ પ્રિયાજી સાથે, વૃંદાવનની મનોહર કુંજોમાં કેવા વેષથી ને કેવી રીતે વિચરવા ને વિહરવા લાગ્યા ? તે કહે છે.

### છંદ–શિખરિણી

"પછી નીવી છોડી, દૂર કરી વળી કંચુકી રૂડી,
પ્રિયાજીને કંઠે નિજ કુસુમ–માલા ધરી દીધી,
વને ખેલે હસ્તિ સમ મદભર્યું એ યુગલ ત્યાં
કરે ક્રીડા રૂડી, વિવિધ વનશ્રીને નિરખતાં (૨૩)

વળી, વિશેષ લીલાને સખીજન વર્ણવે છે :–

વીણે પુષ્પો બંને, મધુર મધુરું ગાન કરતાં,
ઘણા પ્રેમોદ્રેકે અધર–મધુ પીતાં મલપતાં,
ઉરે આલિંગીને કદી તિમિર–પુંજે વળી જતાં,
પછી સ્કંધે સ્થાપી કર, શ્રીયમુનામાં વિહરતાં. (૨૪)

હવે આ બધું વર્ણવતી સખી પોતાની વાત કહે છે : અલિ બહેન ! હું તો ચોક્કસ માનું છું કે, આ યુગલ સ્વરૂપના દાસત્વથી અધિક હિતકર હોય, એવું કોઇ તત્ત્વ ત્રિલોકમાં નથી. આવા આ ફલરૂપ દાસત્વની શી વાત કરું ? આપણને જે કંઈ પ્રાપ્ત થયું છે તે, આ દાસત્વને લીધે આપશ્રીએ કરેલી કૃપાનું જ ફલ છે ! (૨૫)

હે સખિ ! હું તો સદાયે એવી આશા રાખું કે, નંદનંદન નિરંતર શ્રી રાધાને આમ નૂતન નૂતન પ્રકારે સુખદાન કર્યા કરે અને પ્રિયાજી સદૈવ આપણા પર આવી જ કૃપા કર્યા કરે (૨૬)

### (ગીતિ છંદ)

આશ સદા મુજને સખિ, રાધા ને નંદનદન હમેશા
સુખ કરજો આ રીતે, તેમ પ્રિયા અમ પર
કરજો કરુણા.

આ પ્રમાણે સખીજનો દ્વારા, નિકુંજભવનમાં વાર્તાલાપ રૂપે રચાયેલું, શૃંગારરસનાયે શૃંગાર રૂપ (એને શોભાવનારું) આ "**શૃંગાર રસ મંડન**" કાવ્ય, અહીં પૂર્ણ થાય છે. (૨૭)

(હવે શ્રી વિઠ્ઠલેશ પ્રભુ, નિજ ઉદારતા દર્શાવતાં, ભગવદીયોનો ઉલ્લેખ કરે છે.) **શ્રીદામોદરદાસ હરસાની અને ચાચા હરિવંશજીએ** સહાય કરતાં શ્રી વિઠ્ઠલેશ વિરચિત, આ રસમય કાવ્ય પૂરું થાય છે. (૨૮)

શ્રીનાથજીને પ્રિય એવા રામદાસ આદિ સાથે શ્રીજીની સેવા કરતાં કરતાં, મારા સર્વસ્વરૂપ શ્રી ગોવર્ધનધરની લીલા જ મેં આમાં વર્ણવી છે.(૨૯)

**ઇતિ શ્રીમદ્ ગોપીજનવલ્લભના ચરણ-કમલમાં એકતાન શ્રી વિઠ્ઠલેશ વિરચિત આ દશ ઉલ્લાસ પૂર્ણ થયા.**



# શ્રી નંદદાસજી કૃત રાસપંચાધ્યાયી

## પ્રકરણ : ૪

શ્રી નંદદાસજીએ તુક ૧ થી ૨૧માં સ્વરૂપ-વર્ણન કર્યું છે. કાવ્યનો શાબ્દિક અર્થ જોતાં તો તે વર્ણન શુકદેવજીનું લાગે છે, પણ ભગવદીયોનું મન શંકા કરે છે કે નંદદાસજી શુકદેવજીને 'કૃપાનિધાન' કહીને, વંદન કરીને, કાવ્યનો આરંભ કરે, એ કેમ બને ? ભલે શબ્દો આ અર્થ સમજાવતા હોય ! પરંતુ, એ મહાનુભાવના હૃદય સમક્ષ તો પોતાના પ્રાણપ્રેષ્ઠ શ્રી વિઠ્ઠલેશપ્રભુનું મનોહર સ્વરૂપ જ હોવું જોઈએ અને શુકદેવજીના સ્વરૂપવર્ણનને મિષે, પોતાના પ્રાણપ્રેષ્ઠને પણ તે લાગુ પડે એ રીતે વર્ણન કરવામાં કવિવરનું ચાતુર્ય રહેલું છે.

આગળ વધીને ભગવદીયો તો પ્રથમ પંક્તિનો અર્થ એ ઘટાવે છે કે શ્રી શુકદેવજીનું શુભ કરનારા એવા કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુને હું વંદન કરું છું. (શબ્દાર્થની રીતે પણ આ અર્થ બંધ બેસતો છે.) એ પછી, પ્રગટ રીતે શુકદેવજીનું અને ગૂઢ રીતે પોતાની આસક્તિના સ્વરૂપનું વર્ણન કવિશ્રી ચતુરાઈપૂર્વક ગોઠવી દે છે.

"નિગમ–સાર શુક–સાર,
વિના ગુરુકૃપા અગમ અતિ"

આ પંક્તિ જોતાં પણ એ સૂચિત થાય છે કે આ રસ પોતાને પ્રાપ્ત થવામાં ગુરુદેવની કૃપાને જ એ મુખ્ય ગણે છે. તો આ સ્વરૂપ-વર્ણન કરતાં એ ગુરુદેવનું સ્વરૂપ જ એમનાં હૃદયચક્ષુ સમક્ષ કેમ ન હોય ? સહજ રીતે જ જે હૃદયમાં હોય તેનું વર્ણન થઈ જાય.

વળી, એક પ્રસંગે શ્રી વલ્લભની ઉક્તિ છે કે—"યહ રસ શુક કહા જાને ! શુક તો લરિકા હૈ" શુકદેવજીથી અત્યંત આગળ વધીને, શ્રી વલ્લભ–વિઠ્ઠલે એ રાસ–રસ પ્રગટાવ્યો છે અને નંદદાસજી જેવા ભગવદીયોને એ રસનું દાન કર્યું છે. ત્યારે તો મૂળ કરતાં પણ વિશિષ્ટ, આવું અદ્ભુત રસમય કાવ્ય પોતે રચી શક્યા છે. એમની સ્વરૂપાસક્તિ તો શ્રી વિઠ્ઠલેશમાં જ હોય ! અન્ય કોઈમાં પણ નહિ.)

દોનોં ભુજા અનૂપ, કોટિક કામ લજાવે,
તામેં ભૂષણ જટિત, તિમિર અજ્ઞાન મિટાવે (૯)

આપશ્રીની બંને ભુજાઓ એવી અનુપમ અજોડ છે કે જેના સૌન્દર્ય આગળ કોટિ કામ લજ્જિત થાય. એ ભુજાના આભૂષણ રૂપ એવા અંગુલિઓના દશ નખચંદ્ર ભક્ત હૃદયના અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરવા સમર્થ છે.

ઉરવર પર અતિ છબિકી ભીર, કછુ બરની ન જાઈ,
જેહિ ભીતર જગમગત, નિરતર કુંવર કન્હાઈ (૧૦)